# કબરોની ઝિયારત

અને

# ફાતેહાની સાબીતી

રજૂઆત


સૈયદ ઈન્આમુલહક્ક દાદામિયાં કાદરી
મુ.રૂપાલ, તા.બાવલા - ૩૮૨ ૨૨૦


પ્રકાશક


બઝ્મે કાદરીયાહ
સિંધીવાડ, કસ્બા, મુ.કડી (ઉ.ગુજરાત)
જિ.મહેસાણા - ૩૮૨ ૭૧૫.

પ્રિન્ટેડ બાય

ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ
ખાસ બજાર, તીન દરવાજા, એહમદઆબાદ. ફોન : 079-2535 2468

## ઝેરે સરપરસ્તી

પીરે તરીકત, મુહિબ્બે મિલ્લત, હઝરત સૈયદ હાજી

દાદામિયાં કાદરી હૂદી હુસૈની રૂપાલવી

કિતાબનું નામ : કબરોની ઝિયારત અને ફાતેહાની સાબીતી

રજૂકર્તા : પીરઝાદા સૈયદ કારી ઇન્આમુલહક્ક ડી. કાદરી

મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદઆબાદ.


આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૫૦૦

હીજરી સન : ૧૪૩૧

ઈસ્વી સન : ૨૦૧૦

પ્રકાશન નંબર : ૯

કીંમત : મફત

પ્રકાશક

બઝ્મે કાદરીયાહ

સિંધીવાડ, કસ્બા, મુ. કડી,

જિ. મહેસાણા - ૩૮૨૭૧૫.

હમદ ૭૮૬/૯૨ ના'ત

# કબરોની ઝિયારત

અને

# ફાતેહાની સાબીતી

-: રજૂઆત :-


સૈયદ ઇન્આમુલહક્ક દાદામિયાં કાદરી

મુ. રૂપાલ, તા. બાવલા - ૩૮૨ ૨૨૦


-: પ્રકાશક :-


બઝ્મે કાદરીયાહ

સિંધીવાડ, કસ્બા, મુ. કડી (ઉ. ગુજરાત)

જિ. મહેસાણા - ૩૮૨ ૭૧૫.

-: પ્રિન્ટેડ બાય :-

ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ

ખાસ બજાર, તીન દરવાજા, એહમદઆબાદ. ફોન : ૦૭૯-૨૫૩૫ ૨૪૬૮

૭૮૬
૯૨

## નહમદોહુ વનો સલ્લિ અલા રસૂલેહિલ કરીમ

ગૈબની ખબર આપનાર અમારા આકા અને મૌલા તાજદારે તાજદારાં હુઝૂર અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાને આલીશાન છે કે મારી ઉમ્મત ૭૩ ફિરકામાં વહેંચાઈ જશે જેમાં ૭૨ જહન્નમી હશે અને એકજ ફિરકો નાજી એટલે જન્નતી હશે.

વર્તમાન કાળમાં આપણે જોઈ રહ્યા છીએ કે ઈસ્લામમાં ઘણા બધા ફિરકા નિકળી પડ્યા છે દરેક ફિરકાની અલગ અલગ ઓળખ છે. આજકાલ કેટલાક લોકો કબર પર ફાતેહા પઢવાના કાર્યને, ફૂલ મુકવાના કાર્યને, કબરમાં શજરા શરીફ મુકવા બાબતે કે કબર ઉપર અઝાન પઢવા બાબતે નઝરો નિયાઝ બાબતે બિદઅત અને શિર્કના બહાના હેઠળ ના-જાઇઝ કહી રહ્યા છે. અજાણ્યા અથવા અધુરા (થોડુક જાણનારા) લોકોમાં ગુમરાહી ફેલાવી રહ્યા છે.

આવા સમયે કુરઆને પાક અને હદીસ શરીફની રૌશનીમાં આવી બાબતે શું હુકમ છે ? બુઝુર્ગોના અમલ શું બતાવી રહ્યા છે ? તેની જાણકારી લોકોને આપવાનો સમય પાકી ગયો છે. જાણકારોએ સત્ય બાબત લોકોને બતાવવી જોઇએ એવી જ કેટલીક વાતો માન્યવર કિતાબોના હવાલા સહીત અંહિયાં એટલે "કબરો ની ઝિયારત અને ફાતેહાની સાબીતી" નામની કિતાબમાં રજૂ કરવામાં આવી છે જેથી લોકો સત્ય જાણે અને ગુમરાહી થી બચે.

**ફક્ત સૈયદ ઇન્આમુલહક્ક કાદરી**
તા. ૨૫-૫-૨૦૧૦
મુ.રૂપાલ, તા.બાવલા. જિ. અહમદઆબાદ.

# કબર પર ફૂલ, ચાદર, ચુંબન, ઝિયારત વિગેરે ની શરઈ માહિતી

કબ્રોની ઝિયારત કરવું મુસ્તહબ છે. સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને સહાબાએ કિરામ ઈસાલે સવાબ માટે કબ્રો ઉપર નિરંતર તશરીફ લઈ જતા હતા. બીજાઓને કબ્રોની ઝિયારત માટે હુકમ ફરમાવ્યા કરતા હતા. હદીસોથી સાબિત છે કે, હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કબ્રોની ઝિયારતની બહુ તાકીદ ફરમાવી છે. કારણ કે કબ્રોની ઝિયારત મૌત અને આખેરતની યાદ અપાવે છે. તે પૈકી થોડીક હદીસો અત્રે રજૂ છે.

★ હઝરત અબૂ હુરૈરા (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાની વાલિદાની કબ્રની ઝિયારત કરી. (મુસ્લિમ શરીફ)

★ હઝરત એબાન બિન સાલેહ (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દર વર્ષના આરંભમાં "શોહદાએ ઉહદ" ની કબ્રો પાસે તશરીફ લાવતા હતા અને આપના ચારે ખલીફાઓ પણ આવ્યા કરતા હતા. (બયહકી શરીફ)

★ હઝરત આઈશા (રદિયલ્લાહુ અન્હા) થી રિવાયત છે કે, હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગમગીન હાલતમાં કબ્રસ્તાન તશરીફ લઈ ગયા અને ખુશી ખુશી પાછા આવ્યા. મેં તેનું કારણ પૂછયું, હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ મારી માંને જીવંત કરી દીધાં અને મારો કલમો પઢાવ્યો.

★ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, કબ્રોની ઝિયારત કરતા રહો કારણ કે તે મૃત્યુની યાદ અપાવે છે. (મુસ્લિમ, ઈબ્ને માજા)

★ હઝરત બુરીદા (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, સરકારે દો આલમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, મેં પેહલા ઝિયારતે કબ્રની મનાઈ કરી હતી, હવે તમને હુકમ આપું છું કે કબ્રોની ઝિયારત કરતા રહો. (મુસ્લિમ શરીફ)

★ હઝરત અબૂ હુરૈરા અને હઝરત આઈશા (રદિયલ્લાહો અન્હુમા) થી રિવાયત છે કે, જે મુસલમાન પોતાના મુસલમાન ભાઈની કબ્રની ઝિયારત માટે જાય છે અને તેની પાસે બેસે છે, તો તે મૈયત તેનાથી મોહબ્બત મેળવે છે અને તેના બેસવાથી તેનું દિલ ખુશ થાય છે. (બયહકી શરીફ)

★ હઝરત અબૂ હુરૈરા તથા હઝરત આયશા (રદિયલ્લાહો અન્હુમા) થી રિવાયત છે કે, જ્યારે કોઈ મુસલમાન પોતાના મુસલમાન ભાઈની કબ્ર પાસેથી પસાર થાય છે અને જો દુનિયામાં તેનાથી મુલાકાત હતી, તો તે મૈયત તેને ઓળખી લે છે. જો તેને સલામ કરે તો સલામનો જવાબ આપે છે. જ્યાં સુધી તેની પાસે બેસી રહે, મુર્દાનું તેનાથી દિલ ખુશ થાય છે. (દયલમી શરીફ)

★ હઝરત આયશા (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, જ્યારે રસૂલે અકરમ (સલલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રાત્રે મારી પાસે હતા, તો રાતના પાછલા ભાગમાં મદીના મુનવ્વરાના કબ્રસ્તાન "જન્નતુલ બકીઅ" માં તશરીફ લઈ જતા અને ફરમાવતા, "તમારા ઉપર સલામ જેનો તમારાથી વાયદો કરવામાં આવ્યો છે, કાલે તે વસ્તુ તમારી પાસે આવશે અને ઈન્શાઅલ્લાહ અમે પણ તમારાથી મળવા વાળા છીએ. અય અલ્લાહ ! બકીઅવાળાઓના ગુનાહ બખ્શી દે." (મુસ્લિમ શરીફ)

સવાલ : શું મરી ગયેલાઓ જીવતા લોકોને જુએ છે અને ઓળખે છે ?

જવાબ : જરૂર, જેવું કે આગળ આપેલી હદીસોથી સાબિત થયું.

સવાલ : શું એ પ્રકારની રિવાયતો હદીસ માં બીજી પણ છે ?

જવાબ : હા. એ પ્રકારની કેટલીય હદીસો છે. થોડીક રિવાયતો અહીં રજૂ કરવામાં આવે છે.

★ હઝરત હાશિમ બિન મુહમ્મદથી રિવાયત છે કે, તેમણે કહ્યું કે, મેં એક વિધ્વાનને કહેતા સાંભળ્યા કે, એક શખ્સ પોતાના વાલિદની કબ્રની ઝિયારત માટે નિરંતર જતો હતો. જ્યારે લાંબો સમય થઈ ગયો ત્યારે તેને એવો ખ્યાલ આવ્યો કે, હવે માટીની ઝિયારત શા માટે જાઉં ? તે પછી તેણે પોતાના વાલિદને ખ્વાબમાં જોયા. તે કહે છે, "હે મારા બેટા ! તમે હવે ઝિયારત માટે પહેલાંની માફક કેમ આવતા નથી ? તેને કહ્યું, શું માટીની ઝિયારત માટે આવું ? વાલિદે ફરમાવ્યું, હે બેટા ! એવું ન કહો, ખુદાના સોગંદ ! જે વખત તમે આવતા દેખાતા, તે સમયે મારા પાડોશીઓ (કબ્રવાળા) તમારા આગમનની બશારત મને આપતા હતા. તમે જ્યારે પાછા જતા હતા, ત્યારે હું તમને બરાબર જોઈ રહેતો હતો. ત્યાં સુધી કે તમે કુફા શહેરમાં દાખલ થઈ જતા હતા. (બયહકી શરીફ)

★ હઝરત આયશા (રદિયલ્લાહુ અન્હા) થી રિવાયત છે કે, હું મદીના શરીફના તે મકાનમાં જ્યાં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો મઝાર મુબારક છે, ત્યાં પરદા વગર બેધડક ચાલી જતી હતી અને મનમાં એમ કહેતી હતી કે, અહીં મારા શોહર અને બાપ છે (તેમનાથી મારે પરદો નથી), પરંતુ જ્યારે હઝરત ઉમર (રદિયલ્લાહો અન્હુ) દફન થયા, તો કસમ ખુદાની ! તે દિવસથી ત્યાં

પરદા વગર હું જતી ન હતી. કારણ કે હઝરત ઉમર (રદિયલ્લાહો અન્હો) થી શરમ આવતી હતી. (મુસ્તદરક, મુસનદ ઈમામ અહમદ)

★ હઝરત અબૂ હુરૈરા (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, રસૂલુલ્લાહે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, કસમ છે, તે જાતની જેના કબ્જામાં મારો જીવ છે. અલબત્ત મૈયત આપણા જોડાઓના અવાજને સાંભળે છે, જ્યારે તેની તરફથી પીઠ કરીને પાછા આવીએ છીએ. (તહાવી શરીફ)

★ હઝરત અબૂ સઈદ ખુદરી (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, રસૂલુલ્લાહે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, મૈયત પોતાને ગુસ્લ આપનારને, કફન પહેરાવવા વાળાને, ઉંચકનારાઓ અને કબ્રમાં ઉતારવા વાળાઓને ઓળખે છે.

(તિબરાની શરીફ, મશારિકુલ અન્વાર)

★ હઝરત અત્તાફ બિન ખાલિદ (રદિયલ્લાહો અન્હો) થી રિયાયત છે કે, મારી માસીએ મને બયાન કર્યું કે, હું શોહદાએ ઉહદની ઝિયારત માટે ગઈ તો મેં તેમને સલામ કરી, તો સલામનો જવાબ મેં સાંભળ્યો. તે દફન થયેલાઓએ મને કહ્યું ખુદાની કસમ ! અમે તમને એવી રીતે ઓળખીએ છીએ, જેવી રીતે અમારા અમુક અમુકને ઓળખીએ છીએ. તે કહે છે કે, આ સાંભળીને મારા રૂંવાડાં ઉભાં થઈ ગયા. (બયહકી શરીફ)

★ હઝરત ફાતમા ખુઝાઈયા કહે છે કે, એક દિવસે, સુર્યાસ્ત સમયે "શોહદાએ ઉહદ" ની કબ્રો પાસે થઈને હું પસાર થઈ રહી હતી. મારી સાથે મારી બહેન પણ હતી. મેં કહ્યું, ચાલો, હઝરત અમીર હમઝા (રદિયલ્લાહો અન્હો) ને સલામ કરતા જઈએ. અમે બંને તેમની

કબ્ર પાસે ઉભા રહ્યા અને કહ્યું, હે રસૂલુલ્લાહ ના કાકા ! આપ પર સલામ. પછી અમોએ સાભળ્યું કે, કોઈએ અમારા સલામનો જવાબ આપ્યો, "વ અલયકુમુસ્સલામો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ" (વફાઉલ વફા)

**સવાલ** : આપે મને કબ્રોની ઝિયારતનો તરીકો નથી બતાવ્યો, તેનાથી મને વાકેફ કરી દો.

**જવાબ** : તેનો તરીકો એ છે કે, ઝિયારત કરનાર પોતાની પીઠ, કિબ્લા તરફ અને ચહેરો મૈયતના ચહેરાની સામે કરે અને ફાતેહા પળ્હે, બુઝુર્ગોની કબ્રોની ઝિયારત વેળા અદબનો એવો ખયાલ રાખે, જેવો તેમની હયાતીમાં રાખતો હતો. પોતાના ગુનાહોથી ડરતો અને અદબપૂર્વક ઉભો રહે અને પોતાના ગુનાહોની માફી માટે તે બુઝુર્ગોનો વસીલો પકડે અને એમ સમજે કે તે બુઝુર્ગ મારી તરફ જોઈ રહ્યા છે.

(કશ્ફુલ હકાઈક)

ઈમામે એહલે સુન્નત આ'લા હઝરત (રદિયલ્લાહુ અન્હો) ફરમાવે છે કે, હદીસે પાકમાં છે કે, હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું ફરમાન છે કે, "તલવારની ધાર પર પગ મૂકવો મને સહેલો લાગે છે, તે વાતથી કે મુસલમાનની કબ્ર પર પગ મૂકું. બીજી હદીસમાં ફરમાવ્યું કે, અંગારા પર મારો પગ મૂકું ત્યાં સુધી કે તે બુટના તળવાને તોડીને મારા તળવા સુધી પહોંચી જાય, તો એ મને તેનાથી વધુ પસંદ છે કે, કોઈ મુસલમાનની કબ્ર પર પગ મૂકું. (અર્થ છે કે કબ્ર ઉપર પગ મુકવો નહીં.)

**મસ્અલો** : કબ્રસ્તાનમાં જે નવો રસ્તો નીકળ્યો હોય, તેમાં ચાલવું હરામ છે. કારણ કે, તે જરૂર કબ્રો પર જ હશે. પ્યારા નબીએ કરીમ

(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની સામે એક શખ્સ કબ્રસ્તાનમાં બુટ પહેરીને આવ્યો, તો આપે ફરમાવ્યું, અય વાળ સાફ કરેલા જૂતાવાળા ! પોતાના બૂટને ફેંકી દે, તુ કબ્રવાળાને ના સતાવ કે, તને તેઓ ના સતાવે. (અલ મલ્ફૂઝ, ફત્હુલ કદીર)

કબ્ર પર નમાઝ પઢવી હરામ, કબ્રની તરફ નમાઝ પઢવી હરામ, કબ્ર પર પગ મૂકવો હરામ, કબ્રો પર મસ્જિદ બનાવવી હરામ, તેમજ ખેતી કરવી વગેરે હરામ છે. (ઈરફાને શરીઅત)

ભાઈઓ ! કબ્રસ્તાનમાં બુટ-ચંપલ પહેરીને ચાલનારા પ્રત્યે આપણા આકા-વ-મૌલાએ કેટલી હદે નારાજગી દર્શાવી છે, તેને હંમેશા ધ્યાનમાં રાખવી જોઈએ. કબ્રસ્તાનમાં દાખલ થતી વખતે જૂતા-ચંપલને, તેની યોગ્ય જગ્યાએ મુકીને જ, કબ્રોની ઝિયારત કરવી જોઈએ. અલ્લાહ તઆલા દરેકને નેક સમજ આપે, આમીન !

"એહલે સુન્નત વ જમાઅત" નો અકીદો છે કે, મૈયતો સાંભળે છે. આ અકીદો કુરઆને પાક અને હદીસોના ફરમાન પ્રમાણે છે. કુરઆની આયતોથી મૈયતનું સાંભળવું સાબિત થાય છે. આ બાબત વિશે હદીસો પણ અસંખ્ય છે કે, મુર્દા સાંભળે છે. જુએ છે, મુલાકાતીને ઓળખે છે, તેમનાથી ખુશ થાય છે, મોહબ્બત કરે છે, તેમના સલામનો જવાબ આપે છે. જે નવું મડદું તેમની પાસે પહોંચે છે, તેને પોતાના ઘરવાળાઓનો હાલ પુછે છે. આ કેવળ મોમિન મૈયત વિશે નથી, મોમિન અને કાફિર સૌને માટે મૃત્યુ પછી ચેતના અને હવાસ બાકી રહે છે. બલ્કે મૃત્યુ પછી વધી જાય છે.

હદીસો થી સાબિત છે કે, મૈયતો ઉપર અઝાબ તથા સવાબ થાય છે. જો તેમનામાં અનુભૂતી નથી તો નફો-નુકસાન કેવી રીતે થઈ

શકે છે ? એક જ જગ્યાએ કુરઆને પાકમાં આવ્યું છે, "ઈન્નકા લા તુસમેઉલ મૌતા" જેનો (અર્થ : આપ મુર્દાઓને નથી સાંભળાવી શકતા) બીજી જગ્યાએ છે. "વમા અન્તા બે મુસ્મઈન મન ફીલ કોબૂર" (અર્થ : તમે મુર્દાઓને નથી સંભળાવી શકતા, જે કબ્રોમાં પડેલા છે.) જે લોકો એના કાઈલ છે કે, મડદાં નથી સાંભળતાં તે લોકો આ બંને આયતોથી દલીલ પકડે છે. પરંતુ તેનો મતલબ એ નથી, મુફસ્સિરોએ કહ્યું છે કે, પહેલી આયતમાં મૈયતથી મુરાદ અને બીજી આયતમાં કબ્રવાળાઓથી મુરાદ "કુફ્ફાર" છે. જ્યારે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વાઅઝ ફરમાવતા અને કુફ્ફાર તેને તસ્લીમ (કબૂલ) કરતા ન હતા, ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, હે મારા હબીબ ! કુફ્ફારનાં દિલો મુર્દા છે. તેમને આપ નસીહત સંભળાવી શકતા નથી. અર્થાત તેઓ આપની વાતોને સાંભળે જરૂર છે, પરંતુ આપ તેમને એવું સમજાવી શકતા નથી કે, તેઓ આપની વાતોને સ્વીકારી જ લે. અલ્લાહનો ઈર્શાદ છે આપ તેને હિદાયત નથી આપી શકતા, જેને આપ પસંદ કરો, પરંતુ જેને ખુદા ચાહે હિદાયત આપે છે. એવું નથી કે, મડદાં નથી સાંભળતાં. મડદાઓનું સાંભળવું તો કેટલીય હદીસોથી સાબિત છે. તેવી જ રીતે આ બંને આયતોથી એવું જ સાબિત થાય છે કે મૈયત સાંભળે છે.

★ હઝરત આયશા (રદિયલ્લાહો અન્હા) થી રિવાયત છે કે, જ્યારે તે પોતાના ભાઈ હઝરત અબ્દુર્રહમાન (રદિયલ્લાહો અન્હો) ની કબ્ર ઉપર આવ્યાં, તો કહ્યું, જો હું તમારી વફાત વખતે હાજર હોત, તો તમને એ જ સ્થળે દફન કરતા, જ્યાં તમે મૃત્યુ પામ્યા હતા. આ ઉપરથી માલુમ પડ્યું કે, મડદાં સાંભળે છે. નહીં તો હઝરત આયશા

(રદિયલ્લાહો તઆલા અન્હા) નું ફરમાવવું વ્યર્થ થશે.

(તિરમિઝી શરીફ)

★ હઝરત આયશા (રદિયલ્લાહો તઆલા અન્હા) થી રિવાયત છે કે, જ્યારે કોઈ કબર પાસેથી પસાર થનાર સલામ કરે છે, ત્યારે મડદાંઓ તે સાંભળીને તેને જવાબ આપે છે. (તબરાની શરીફ)

★ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિયલ્લાહો તઆલા અન્હા) થી રિવાયત છે કે, હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બદ્રના કૂવા પાસે તશરીફ લાવ્યા અને કાફિર મડદાઓને સંબોધન કરી ફરમાવવા લાવ્યા, શું તમોએ મારા રબનો સાચો વાયદો મેળવી લીધો ? સહાબાઓએ વિનંતી કરી કે, આપ મડદાંઓને પોકારો છો ? આપે ફરમાવ્યું, તમે તેમના કરતાં વધારે સાંભળવાવાળા નથી. પરંતુ તેઓ એવો જવાબ નથી આપી શકતા. (જે તમે સાંભળી લો.)

(બુખારી શરીફ)

★ હઝરત ઉમર (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમને બદ્રના મયદાનમાં એક કાફિરની કતલગાહ બતાવી. પછી તે કાફિરોની પાસે આવ્યા, જેઓ જંગમાં માર્યા ગયા હતા અને દરેકનું નામ તેના બાપના નામ સાથે પોકારતા હતા. આપ ફરમાવતા હતા કે, શું તમોએ મારા રબનો સાચો વાયદો મેળવી લીધો ? જેવું કે, તેણે ફરમાવ્યું હતું કે, મેં તો તેના વાયદાને સાચો જોયો. હઝરત ઉમરે (રદિયલ્લાહો અન્હો) અરજ કરી, યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શું આપ એવા શરીરો સાથે વાત કરો છો, જેમનામાં પ્રાણ નથી ? આપે ફરમાવ્યું, હું જે કાંઈ કહી રહ્યો છું, તેને તમે તેના કરતાં વધુ નથી સાંભળી શકતા.

હા, એટલું જરૂર છે કે તેઓનો જવાબ તમે નથી સાંભળી શકતા.

(મુસ્લિમ શરીફ)

★ હઝરત અબૂ સઈદ ખુદરી અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો અન્હુમા) થી રિવાયત છે કે, દરેક મડદું ગુસલ આપનાર, તેને કફન પહેરાવનાર, તેને ઉઠાવવાવાળા અને તેને કબ્રમાં ઉતારનારને ઓળખે છે. જો તેને પોતાના આરામ તથા સુખની ખબર મળી છે, તો ઉંચકવાવાળાઓને સોગંદ આપે છે કે, "મને જલ્દી લઈ ચાલો." જો તેને તકલીફ અને ગરમ પાણી તેમજ ભડકતી આગની ખબર મળી છે તો સોગંદ આપે છે કે, "મને રોકી લો. ક્યા લઈ જઈ રહ્યો છો ?

(તબરાની, મશારિકુલ અન્વાર)

★ હઝરત બરાઅ બિન આઝિબ (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, મુસલમાનથી જ્યારે કબ્રમાં સવાલ કરવામાં આવે છે ત્યારે તે ગવાહી આપે છે, લા ઈલાહા ઈલ્લલ્લાહો મુહમ્મદુર રસૂલુલ્લાહ. (બુખારી, મુસ્લિમ)

★ હઝરત અબૂ હુરૈરા (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, સરકારે દો આલમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, કસમ છે તે ઝાતની, જેના કબજામાં મારો પ્રાણ છે, અલબત્ત ! લોકોના જુતાઓના અવાજને મડદાં સાંભળે છે. જ્યારે તેની પાસેથી લોકો પીઠ ફેરવીને પાછા જાય છે. (તહાવી શરીફ)

★ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, કેટલાક સહાબાઓએ પોતાનો તંબૂ એક કબ્રની ઉપર તાણ્યો. તેમને એ ખબર ન હતી કે અહીં કોઈ કબર છે. અચાનક તે કબ્રમાંથી

"સૂરએ મુલ્ક" પઢવાનો અવાજ આવતો રહ્યો. ત્યાં સુધી કે પઢવાવાળાએ "સૂરહ મુલ્ક" ખતમ કરી દીધી. તે સહાબી, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાસે હાજર થયા અને કબ્રમાં સૂરએ મુલ્કના પઢવાનો હાલ બયાન કર્યો. આપે ફરમાવ્યું, એ સૂરા માનેઆહ (નિરોધક) છે. એ સુરા મુનજિયહ છે. અલ્લાહ પાકના અઝાબથી મડદાંઓને નજાત આપે છે. (ખયાલ રહે કે) આ સૂરા પઢનાર કબ્રનું એક મડદું હતું. (તિરમિઝી શરીફ)

★ હઝરત મુહમ્મદ બિન મુનકદિર કહે છે, હું હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિયલ્લાહો અન્હો) પાસે તેમની અંતિમ પળોમાં પહોંચ્યો. તેમણે કહ્યું કે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને મારા સલામ પહોંચાડી દેજો. (આથી જણાયું કે મડદું એકબીજા સાથે વાત કરે છે અને જીવંત લોકોને સંદેશ પહોંચાડે છે. (ઇબ્ને માજા)

★ રિવાયત છે કે, હઝરત અબૂ કતાદા (રદિયલ્લાહો અન્હો) ની વફાતના પંદર દિવસ પછી, તેમનાં પુત્રી, હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ (રદિયલ્લાહો અન્હો) પાસે આવ્યાં, તે બીમાર હતા. તેમને કહ્યું કે, હે કાકા ! મારા પિતાને મારા સલામ કહી દેજો. આ ઉપરથી જણાવ્યું કે, જીવંત માણસ મરણ પામેલાને સલામ મોકલી શકે છે. (તારીખે બુખારી)

★ હઝરત અનસ (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, જ્યારે કોઈ મડદું કબરમાં મુકવામાં આવે અને જ્યારે તેના સાથીઓ પાછા ફરે છે, તો તેમના જોડાઓનો અવાજ તે સાંભળતો જ રહે છે. એટલામાં બે ફરિશ્તા

તેની પાસે આવી જાય છે. પછી તેઓ મડદાને બેસાડે છે અને કહે છે કે, મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિશે તું શું કેહતો હતો ? મોમિન કહે છે કે, હું ગવાહી આપું છું કે, અલ્લાહના નેક બંદા અને રસૂલ છે. પછી તે મડદાને કહેવામાં આવે છે કે, તું પોતાનું દોઝખનું ઠેકાણું જોઈ લે. અલ્લાહ તઆલાએ તેને તારા માટે જન્નતથી બદલી લીધું છે. તે બંને જગ્યાઓને જુએ છે. મુનાફિક તથા કાફિરને કહેવામાં આવે છે કે, મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિશે તું શું કેહતો હતો ? તે કહે છે કે, હું કંઈ જાણતો નથી. જેવું લોકો કહેતા હતા એવું જ હું કહી દેતો હતો. તો તેને કહેવામાં આવે છે કે, તેં તેમને ના ઓળખ્યા, ન તેમનું અનુસરણ કર્યું. પછી તેને લોખંડના હથોડાઓથી મારવામાં આવે છે. તો તે એવી ચીસો પાડે છે કે તેની ચીસોને ઈન્સાન તથા જીન સિવાય બીજા બધા જીવો સાંભળે છે. (મુસ્લિમ, બુખારી)

## કબર પર ફૂલોનું મુકવું

ફૂલ, વનસ્પતી પૈકી તર ચીજ છે. જ્યા સુધી તેનામાં તરી (ભિનાશ) છે, તે જીવંતના હુકમમાં છે. તે અલ્લાહ તઆલાની તસ્બીહ કરે છે. જેવું કે, કુરઆન શરીફથી માલમ પડે છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે, વ ઈમ્મિન શૈઈન ઈલ્લા યુસબ્બિહુ બે હમ્દેહિ.

(સૂરા બની ઈસરાઈલ, આ. ૪૪)

**તરજુમો** : તમામ ચીજો અલ્લાહની તસ્બીહ કરે છે.

જ્યારે કોઈ ફૂલ અથવા તર ચીજ કબ્ર ઉપર મુકવામાં આવે છે, તો તે તસ્બીહ કરશે, તે તસ્બીહથી કબ્રવાળાને હુંફ મળશે અને તેનાથી તેને આનંદ થશે.

**સવાલ** : શું આ હકીકત હદીસથી પણ સાબીત છે ?

**જવાબ** : હા, કુરઆન શરીફની આયતથી તો ઉપર જોઈ ગયા. હવે શદીસ જોઈએ.

**હદીસ** : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, એકવાર સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બે કબ્રો પાસેથી પસાર થયા. બંને કબ્રવાળાઓ ઉપર અઝાબ થઈ રહ્યો હતો. આપે ખજૂરની એક ડાળી મંગાવી અને તે ડાળીને, વચ્ચેથી ચીરીને, અડધી બંને કબ્ર ઉપર મુકી દીધી અને ફરમાવ્યું, "જ્યા સુધી આ તર (લીલી) રહેશે ત્યાં સુધી તેમની તસ્બીહની બરકતથી કબ્રવાળાઓને અઝાબમાં કમી થશે. (મુસ્લિમ શરીફ, બુખારી શરીફ)

**સવાલ** : મહાન ઉલમા તથા ખયાતનામ મુહદ્દિસોએ, એ હદીસથી શું ભાવાર્થ તારવ્યો છે ?

**જવાબ** : ઉપરોક્ત હદીસથી કબ્રો ઉપર લીલી વસ્તુ અને ફૂલ મુકવાને જાઈઝ ઠેરવ્યું છે. હઝરત મૌલાના શાહ અબ્દુલ હક્ક મોહદ્દિસ દહેલ્વી (રહમતુલ્લાહ અલયહ) મિશ્કાત ની શરેહ "અશઅતુલ લમઆત" માં લખે છે કે, લોકોએ આ હદીસથી જ કબ્રો ઉપર ફૂલ ચઢાવવાની દલીલ પકડી છે. "તહાવી" માં છે કે, અમારા અગાઉના કેટલાક ઈમામોએ ફતવો આપ્યો છે કે, અમારા જમાનામાં કબ્રો ઉપર ફૂલ અને લીલી ડાળીઓ મુકવાનો જે રિવાજ છે તે સુન્નત છે અને ઉપરની હદીસ થી સાબિત છે. "કન્ઝૂલ એબાદ", "ફતાવા ગરાબ" અને "ફતાવા નહદિયા" માં છે કે, ગુલાબ વગેરેનાં ફૂલ કબ્રો ઉપર મુકવાં સારૂં છે. જ્યાં સુધી તે તાજાં રહેશે ત્યાં સુધી (તે) અલ્લાહ ની તસ્બીહ કરશે અને મૈયતને તેનાથી રગબત રહેશે.

વિરોધીઓ જાહેલાના સવાલ કરે છે કે, ઔલિયાઓની કબ્રો ઉપર ફૂલ ચઢાવો છો, તો શું તેમના ઉપર અઝાબ થાય છે ? (અલ્લાહ ની પનાહ)

વિરોધીઓને કદાચ એ વાતનો ઈલ્મ નહીં હોય કે, તેઓ તેમના જ સવાલમાં આડકતરી રીતે, એ હકીકતનો સ્વીકાર કરી જ રહ્યા છે કે, કબ્રો ઉપર ફૂલ ચઢાવવા (મૂકવા) થી કબ્રવાળાઓ નો અઝાબ દૂર થાય છે. વિરોધીઓનો ફક્ત ઔલિયા અલ્લાહ ની કબ્રો ઉપર ફૂલ ચઢાવવા પુરતો જ જો વાંધો લેતા હોય. તો અમારો સવાલ એ છે કે, વિરોધીઓ તેમના મડદાંઓની કબ્રો ઉપર શા માટે ફૂલ ચઢાવતા (મૂકતા) નથી ? શું તેમના મડદાં બખ્શિશ અને સવાબના તલબગાર (ઈચ્છુક) નથી ? અલ્લાહની તસ્બીહ અને ઝિકર કરતી, દરેક ચીજ અલ્લાહ વાળાઓને ઘણી જ પ્રિય અને મહબૂબ હોય છે. આ જ કારણસર અમો સુન્નીઓ ઔલિયાએ કિરામ અને બુઝુર્ગાને દીનના મઝારો ઉપર ફૂલ ચઢાવીએ છીએ.

અલ્લાહ તઅલા દરેકને નેક સમજ આપે, આમીન.

## કબરને બોસો આપવાનું બયાન

એક શખ્સે નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ખિદમતમાં હાજર થઈને અરજ કરી કે, મેં સોગંદ ખાધા છે કે, જન્નતના દરવાજા અને હુરનો બોસો લઈશ. આપે ફરમાવ્યું કે, "માંના કદમને તથા બાપની પેશાની (કપાળ) ને બોસો આપ." તેણે અરજ કરી કે, "જો મારા માં-બાપ ન હોય તો ?" આપે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, "માં-બાપની કબ્રને બોસો આપ."

(કિફાયા શોઅબી)

"અશ્અતુલ લમઆત" મેં છે કે, ફિકહની કેટલીક રિવાયતોમાં પણ માં-બાપની કબ્રોને બોસો આપવાનો ઉલ્લેખ આવ્યો છે.

"વફાઉલ વફા" નામની ખ્યાતનામ કિતાબમાં છે કે, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિયલ્લાહો અન્હો) પોતાનો જમણો હાથ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની કબ્ર શરીફ ઉપર મુકયા કરતા હતા અને હઝરત બિલાલ (રદિયલ્લાહો અન્હો) પોતાના બંને ગાલોને પણ કબ્ર શરીફ પર મુકયા કરતા હતા. (વફાઉલ વફા)

હઝરત ઝારેઅ જે અબ્દુલ કયસના પ્રતિનિધિ મંડળમાં શામેલ હતા, તે કહે છે કે, જ્યારે અમે મદીનામાં આવ્યા, ત્યારે જલ્દી જલ્દી અમારી સવારીઓ પરથી ઉતરી પડયા અને અમે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના દસ્તે મુબારક અને પગ મુબારકને બોસા (ચુંબન) આપ્યા. (અબૂ દાઉદ, મિશ્કાત શરીફ)

**ખુલાસો** : આથી સાબિત થયું કે, દીની પેશવાનો હાથ ચૂમવો જાઇઝ છે. હઝરત શેખ અબ્દુલ હક્ક મોહદ્દિસ દહેલ્વી (રહમતુલ્લાહ અલયહ) "અશ્અતુલ લમ્આત" જિલ્દ-૪, પેજ-૨૧ પર તેમજ "દુર્રે મુખ્તાર" માં પણ બરકત માટે આલિમ અને પરહેઝગાર માણસના હાથ ચુમવાને જાઇઝ બતાવ્યું છે.

"વફાઉલ વફા" માં છે કે, હઝરત બિલાલ (રદિયલ્લાહો અન્હો) જ્યારે મદીના મુનવ્વરા પહોંચ્યા, ત્યારે રોઝએ અકદસમાં કબ્ર મુબારક પાસે પહોંચીને રડવા લાગ્યા. પોતાનો ચહેરો કબ્ર શરીફ ઉપર સ્પર્શ કરવા લાગ્યા. એટલામાં હઝરત ઈમામ હસન તથા હઝરત ઈમામ હુસૈન (રદિયલ્લાહો અન્હુમા) તશરીફ લાવ્યા. હઝરત બિલાલ (રદિયલ્લાહો અન્હો) હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના આ બંને નવાસાઓને ગળે વળગાડીને ચૂમવા લાગ્યાં. (વફાઉલ વફા)

(૮) હઝરત ઈમામ ઈબ્ને હંબલ (રહમતુલ્લાહ અલયહ) ના પુત્ર અબ્દુલ્લાહ ફરમાવે છે કે, મેં મારા વાલિદને પૂછ્યું કે, "જો કોઈ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના મિમ્બર મુબારકને સ્પર્શ કરે અને તબર્રુકની નિય્યતથી તેનું ચુંબન કરે અથવા કબ્ર મુબારકને તબર્રુક તથા સવાબની નિય્યતથી બોસો આપે, તો તેનું આ કૃત્ય જાઈઝ થશે કે નહીં ? તેના જવાબમાં આપે ફરમાવ્યું, "તેમાં કોઈ વાંધો નથી."

(૯) મહાન અલ્લામા બદરૂદીન અયની (રહમતુલ્લાહ અલયહ) "શરેહ બુખારી" જિલ્દ-૪, માં લખે છે કે, ઈમામ અહમદ (રહમતુલ્લાહ અલયહ) થી હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના મઝાર શરીફ અને મિમ્બરે બોસો આપવા વિશે સવાલ કરવામાં આવ્યો, તો આપે જવાબ આપ્યો કે, "તેમાં કોઈ વાંધો નથી."

(૧૦) અલ્લામા શિબ્રલ્લમસીએ "મવાહિબ" ના હાંશિયા પર અને અલ્લામા રમાનએ "મિન્હાજ" નામની કિતાબ માં બયાન કર્યુ છે કે જો કબર ચુમવામાં બરકત પ્રાપ્ત કરવાનો વિચાર હોય તો મકરૂહ નથી. અલ્લામા રમલીના વાલિદે તેના જવાઝ (જાઈઝ હોવા) ઉપર ફતવો આપ્યો છે. (મશારિફુલ અન્વાર)

શયખ સઅદી (રહમતુલ્લાહ અલયહ) જે એક મહાન અલ્લામા તથા સૂફી બુઝુર્ગ થઈ ગયા, તે ફરમાવે છે,

**અગર બોસા બરખાક મુરદાં ઝની - બ મર્દી કે, પેશ આયદત રોશની**

**તર્જુમો** : જો તુ મુર્દાને (વલીઓ) ની કબ્રને ખુલૂસ તથા એતેકાદ - મહોબ્બત સાથે બોસો આપે, તો જવાંમર્દીની કસમ છે કે તને નૂરે બાતિન પ્રાપ્ત થશે.

જમહૂર ફુકહા અને ઉલમાની દ્રષ્ટિએ, ઔલિયા અલ્લાહ અને બુઝુર્ગોના મઝાર ઉપર ગિલાફ ચઢાવવો અને ચાદર ચઢાવવી જાઈઝ છે. ફિકાહની કિતાબો અને હદીસોથી એ સાબિત છે. સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તથા પહેલા ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દિક (રદિયલ્લાહો અન્હો) ના મઝારો ઉપર ગિલાફ ચઢેલા હતા, જે નીચેની હદીસ શરીફથી સ્પષ્ટ થાય છે.

હદીસ ની મશહુર કિતાબ "અબૂ દાઉદ શરીફ" માં હઝરત કાસિમ (રદિયલ્લાહો અન્હો) ખલીફએ અવ્વલના પૌત્રથી રિવાયત છે. તે કહે છે કે મેં મારા ફોઈ ! હઝરત આયશા (રદિયલ્લાહો અન્હો) ને કહ્યું કે, હે મારા ફોઈ ! નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને ખલીફએ અવ્વલ તથા દોયમની કબ્રો ઉપરથી મારા માટે ગિલાફ હટાવી દો, જેથી કબ્રોની આકૃતિને જોઈ લઉં. તેમણે ત્રણે કબરો ઉપરથી મારા માટે ખિલાફ હટાવી દીધા. તો મેં જોયું કે, તે કબ્રો ન અધિક ઉંચી હતી, ન બહુ નીચી હતી. તેમની ઉપર લાલ પથ્થરના ટુકડા બિછાવેલા હતા. બીજી રિવાયતમાં છે કે, એક સ્ત્રીએ હઝરત આયશા (રદિયલ્લાહો અન્હો) ને કહ્યું કે, મારા માટે નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની કબ્ર શરીફ ઉપરથી ગિલાફ હટાવી દો. હઝરત આયશા (રદિયલ્લાહો અન્હા) એ કબ્ર મુબારક ઉપરથી ગિલાફ હટાવી દીધો. એ પછી એ સ્ત્રી રડવા લાગી અને મૃત્યુ પામી. આ બંને હદીસોથી જણાયું કે, સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને બંને ખલીફાઓના મઝારો ઉપર ગિલાફ ઓઢાડેલા હતા. તે ગિલાફો ચઢાવનાર સહાબાએ કિરામ જ હશે તેમાં શંકા નથી.

હદીસ શરીફમાં "ઈકશેફી" શબ્દ આવ્યો છે. "કશ્ફ" નો અર્થ લુગત (શબ્દકોષ) માં કોઈ વસ્તુ ઉપરથી પરદો ઉઠાવવાનો છે. "ફતેહ" નો અર્થ દરવાજો અથવા કોઈ વાસણ વગેરે ઉઘાડવાનો છે. અત્રે "ઈકશેફી" છે, તે ખાસ જાણી લો.

જ્યારે હદીસોમાં "ઈકશેફી" નો અર્થ આવ્યો છે, તો સાબિત થયું કે, હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને બંને ખલીફાઓના મઝારો .પર ગિલાફ ચઢેલા હતા. જેને હટાવવા માટે હઝરત કાસિમ (રદિયલ્લાહો અન્હો) એ કહ્યું અને બીબી આયશા (રદિયલ્લાહો અન્હા) એ તેને હટાવી ઝિયારત કરાવી. અત્રે એવો મતલબ કાઢવો કે, હુજરા (રોઝા) નો દરવાજો બંધ હતો. દરવાજો ખોલવા માટેની દરખાસ્ત હઝરત કાસિમ (રદિયલ્લાહો અન્હો) બીબી આયશા (રદિયલ્લાહો અન્હા) ને કરી હતી. તો તે અર્થ તદ્દન ગલત છે. કારણ કે દરવાજો ખોલાવવા માટે "ઈફતેહી" નો શબ્દ કહેવામાં આવે છે, ન કે "ઈકશેફી" નો શબ્દ. "ઈકશેફી" પરદો ઉઠાવવા માટે કહેવાય છે.

**સવાલ** : ફિકહની કિતાબોમાં મઝારો ઉપર ચાદર ચઢાવવાનું જો જાઈઝ લખ્યું હોય તો બયાન કરો.

**જવાબ** : ઈમામ નાબ્લિસીએ અંબિયાઓ તથા ઔલિયાઓના મઝારો ઉપર ચાદર ચઢાવવાના જવાઝ (જાઈઝ હોવું) ને પોતાની કિતાબ "કશ્ફન્નુર" માં બહુ જ દલીલો સાથે અને સ્પષ્ટ રીતે બયાન ફરમાવ્યું છે. અલ્લામા શામીની કિતાબ "ઓકૂદુદ દુર્રિયહ" માં છે કે, કેટલાક ફુકહાઓએ પરદો અને કપડાં, સાલેહીન અને ઔલિયાએ કિરામની કબ્રો ઉપર નાખવાને મકરૂહ કહ્યું છે, પરંતુ અમે (અલ્લામા

શામી) કહીએ છીએ કે, જો એનાથી અવામની નજરોમાં ઔલિયાએ કિરામની તઅઝીમનો ધ્યેય હોય, કે જેથી સાહેબે મઝારની તૌહીન ન થાય અને ગફલતવાળા જ્યારે ઝિયારત કરે તો તેમનાં દિલ ઝુકે અને અદબ કરે. જો કે તેમની પાક અરવાહો તેમની મઝારોની પાસે હાજર છે, તો આ ધ્યેયથી મઝારો ઉપર ગિલાફ નાંખવું, ચાદર ચઢાવવું જાઈઝ છે, તેમાં મના કરવું જોઈએ નહીં. કેમકે "આમાલ નો દારોમદાર નિય્યત ઉપર છે." અને દરેક માનવી માટે એ જ છે, જે તેણે નિય્યત કરી.

## કબ્રોને બોસો (ચુંબન) દેવાનું બયાન

હુઝૂર સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની કબ્ર મુબારકને બોસો લેવું કેટલીએ હદીસોથી સાબિત છે અને ઔલિયાએ કિરામ તથા માં-બાપની કબ્રોને બોસો (ચુંબન) લેવું, તદુપરાંત પાક ચીઝોનો બોસો લેવું કેટલીએ રિવાયતોથી સાબિત છે. સહાબાએ કિરામ અને ઉલમાએ ઉઝઝામે તેના ઉપર અમલ પણ કર્યો છે. કબ્રના બોસાની મિસાલ-દ્રષ્ટાંત એવું છે જેવું કુરઆન શરીફને ગિલાફ તથા જુઝદાન સાથે બોસો લેવું. આમાં ગિલાફ અને જુઝદાનના કપડાને બોસો લેવું ધ્યેય નથી હોતું અને ન કોઈ એમ સમજે છે. બલ્કે કુરઆન શરીફને બોસો લેવું ધ્યેય હોય છે. એવી રીતે જ કબ્રને બોસો લેવામાં એ બુઝુર્ગને બોસો લેવું ધ્યેય હોય છે અને એવો જ ખયાલ કરવામાં આવે છે. (કશ્ફુલ હકાઈક)

**સવાલ** : કબ્રો અને પવિત્ર ચીઝોને બોસો લેવાની હદીસો અને રિવાયતો કેવી રીતે છે ? તે બયાન કરો.

**જવાબ** : સારી રીતે ધ્યાનથી વાંચો. અહીં તેને રજૂ કરીએ છીએ.

(૧) હઝરત અબુલ હુસૈન યહયા થી રિવાયત છે કે, મરવાન એક વેળા રોઝએ અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર હાજર થયો તો જોયું કે, એક શખ્સ કબ્ર શરીફને બાઝેલો છે અને પોતાનું મોઢું કબ્ર ઉપર મુકેલ છે. મરવાને જ્યારે તેમની ગરદન પકડી ત્યારે તેમણે કહ્યું કે, "હું પત્થર પાસે નથી આવ્યો અને ન ઈંટ પાસે આવ્યો છું, હું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસે આવ્યો છું," રાવી કહે છે કે, કબ્રથી વળગવાવાળા અબૂ અય્યુબ અન્સારી રદિયલ્લાહો અન્હો હતા." (મુસ્નદે ઈમામ ઈબ્ને હમ્બલ)

(૨) હઝરત અલી રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો વિસાલ થયો ત્યારે હઝરત બીબી ફાતેમહ રદિયલ્લાહો અન્હા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કબ્ર મુબારક પાસે હાજર થયા અને હુઝૂરે રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની કબ્ર મુબારકની થોડી માટી લઈને પોતાની આંખોએ લગાડીને બહુ જ રડયાં અને બે શેઅર પઢયાં, જેનો તરજુમો આ પ્રમાણે છે,

"જેણે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની કબ્ર મુબારકની માટી સૂંઘવાનો લાભ પ્રાપ્ત કર્યો છે, તેને લાંબા કાળ સુધી ખુશ્બુ સૂંઘવાની જરૂરત નથી," મારા ઉપર એવી મુસીબતો આવી પડી છે, જો તે મુસીબતો દિવસો ઉપર પડત તો ગમ-શોકના કારણે રાતથી બદલાઈ જાત. (નુઝહતુલ મજાલિસ : મશારિકુલ અન્વાર)

(૩) એક શખ્સ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી કે, મેં સોગંદ ખાધા છે કે જન્નતના દરવાજા અને હુરને બોસો લઈશ. આપે ફરમાવ્યું કે, "માંના કદમને

તથા બાપની પેશાની (કપાળ) ને બોસો આપ.'' તેણે અર્ઝ કરી કે, ''જો મારા માં-બાપ ન હોય તો?'' આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, '' માં-બાપની કબ્રને બોસો આપ.'' (કિફાયા શોઅબી)

(૪) ''અશ્અતુલ લમ્આત'' શરહ મિશ્કાતમાં છે કે, ફિકહની કેટલીક રિવાયતોમાં પણ માં-બાપની કબ્રોને બોસો આપવાનો ઉલ્લેખ આવ્યો છે.

(૫) ''વફાઉલ વફા'' નામની ખ્યાતનામ કિતાબમાં છે કે, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોમા પોતાનો જમણો હાથ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની કબ્ર શરીફ ઉપર મુકયા કરતા હતા અને હઝરત બિલાલ રદિયલ્લાહો અન્હો પોતાના બંને ગાલોને પણ કબ્ર શરીફ પર મુકયા કરતા હતા. (વફાઉલ વફા)

(૬) હઝરત ઝારેઅ જે અબ્દુલ કયસના પ્રતિનિધિ મંડળમાં શામેલ હતા. તે કહે છે કે, જ્યારે અમે મદીનામાં આવ્યા ત્યારે જલ્દી જલ્દી અમારી સવારીઓ પરથી ઉતરી પડયા અને અમે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દસ્તે મુબારક અને પગ મુબારકને બોસા (ચુંબન) આપ્યા. (અબૂ દાઉદ, મિશ્કાત શરીફ)

ખુલાસો : આથી સાબિત થયું કે દીની પેશવાનો હાથ ચુમવો જાઇઝ છે. હઝરત શેખ અબ્દુલ હક્ક મોહદ્દિસ દહેલ્વી રહમતુલ્લાહ અલયહે ''અશ્અતુલ લમ્આત'' જિલ્દ-૪, પેજ-૨૧ પર તેમજ ''દુર્રે મુખ્તાર'' માં પણ બરકત માટે આલિમ અને પરહેઝગાર માણસના હાથ ચુમવાને જાઇઝ બતાવ્યું છે.

(૭) ''વફાઉલ વફા'' માં છે કે, હઝરત બિલાલ રદિયલ્લાહો અન્હો જયારે મદીના મુનવ્વરા પહોંચ્યા ત્યારે રોઝએ અકદસમાં કબ્ર

મુબારક પાસે પહોંચીને રડવા લાગ્યા અને પોતાનો ચહેરો કબ્ર શરીફ ઉપર સ્પર્શ કરવા લાગ્યા. હઝરત બિલાલ રદિયલ્લાહો અન્હો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ના આ બંને નવાસાઓને ગળે વળગાડીને ચૂમવા લાગ્યા. (વફાઉલ વફા)

(૮) હઝરત ઈમામ ઈબ્ને હંબલ રહમતુલ્લાહ અલયહના પુત્ર અબ્દુલ્લાહ ફરમાવે છે કે, મેં મારા વાલિદને પુછ્યું કે, જો કોઈ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મિમ્બર મુબારક ને સ્પર્શ કરે અને તબર્રુકની નિય્યતથી તેનું ચુંબન કરે અથવા કબ્ર મુબારકને તબર્રુક તથા સવાબની નિય્યતથી બોસો આપે તો તેનું આ કૃત્ય જાઈઝ થશે કે નહીં? તેના જવાબમાં આપે ફરમાવ્યું, "તેમાં કોઈ વાંધો નથી."

(૯) અલ્લામા બદરૂદ્દીન અયની રહમતુલ્લાહ અલયહ "શરેહ બુખારી" જિલ્દ-૪ માં લખે છે કે, ઈમામ અહમદ રહમતુલ્લાહ અલયહથી હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મઝાર શરીફ અને મિમ્બરને બોસો આપવા વિશે સવાલ કરવામાં આવ્યો તો આપે જવાબ આપ્યો કે, "તેમાં કોઈ વાંધો નથી."

(૧૦) અલ્લામા શિબ્રલ્લમસીએ "મવાહિબ" ના હાંશિયા પર અને અલ્લામા રમલીએ "મિન્હાજ" નામની કિતાબમાં બયાન કર્યું છે કે, જો કબર ચૂમવામાં બરકત પ્રાપ્ત કરવાનો વિચાર હોય તો મકરૂહ નથી. અલ્લામા રમલીના વાલિદે તેના જવાઝ (જાઈઝ હોવા) ઉપર ફતવો આપ્યો છે. (મશારિકુલ અન્વાર)

(૧૧) શયખ સઅદી રહમતુલ્લાહ અલયહ જે એક મહાન અલ્લામહ તથા સૂફી બુઝુર્ગ થઈ ગયા છે, ફરમાવે છે.

અગર બોસા બરખાક મુરદાંઝની,

બ મર્દી કે, પેશ આયદત રોશની.

તરજુમો : જો તું મુર્દાને ખુદા (વલીઓ) ની કબ્રનો ખુલૂસ તથા એતેકાદ મહોબ્બત સાથે બોસો આપે તો જવાંમર્દીની કસમ છે કે તને નૂરે બાતિન પ્રાપ્ત થશે.

## કબ્ર પર અઝાન આપવાનું બયાન

સવાલ : શું ફરમાવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે દફનના સમયે કબ્ર પર જે અઝાન કહેવામાં આવે છે તે શરઅન જાઇઝ છે કે નહીં ?

જવાબ : ઉપરોક્ત સવાલમાં જે અઝાન બાબત પૂછવામાં આવ્યું છે તેનું જાઇઝ હોવું સાબિત છે. શરીઅતે મુતહહેરામાં તેના મના હોવા પર હરગિઝ કોઈ દલીલ નથી અને જે બાબતથી શરીઅત મના ન કરતી હોય તે બાબતો કદી મના થઈ શકતી નથી. (અલ હમ્દો લિલ્લાહ ! મઝહબે એહલે સુન્નત પાસે દરેક વાતોનો જવાબ છે.)

અહીં "આલા હઝરત તાજદારે એહલે સુન્નત અહમદ રઝા ફાઝિલે બરેલ્વી" (રહમતુલ્લાહ અલયહ) એ સ.હી. ૧૩૦૭ માં એટલે કે ૧૨૫ વર્ષ પહેલાં "ઈઝાનુલ અરજે ફી અઝાનિલ કબ્રે" નામની કિતાબ લખેલી, તે કિતાબમાં અઝાને કબ્ર ઉપર કુરઆન તથા હદીસથી એવી સચોટ દલીલો રજૂ કરી છે કે તેના જાઇઝ હોવામાં લેશમાત્ર શંકા રહેતી નથી.

આલા હઝરત રહમતુલ્લાહ અલયહની એ મશહૂર કિતાબમાંથી અત્રે "અઝાને કબ્ર" ઉપર ટૂંકાણમાં દલીલો રજૂ કરીએ છીએ,

દલીલ નંબર - ૧ : જાણીતું છે કે, જ્યારે બંદાને કબ્રમાં રાખવામાં આવે છે અને મુન્કર-નકીર સવાલ કરે છે ત્યારે "મરદૂદ શયતાન" ત્યાં પણ વિક્ષેપો નાંખે છે ને જવાબમાં બહેકાવે છે.

ઈમામ તિરમિઝી મુહમ્મદ ઈબ્ને અલી "નવાદેરૂલ વુસુલ" માં ઈમામે અજલ હઝરત સુફયાને સુરી રહમતુલ્લાહ અલયહથી રિવાયત છે કે, "જ્યારે મુર્દાથી સવાલ થાય છે કે તારો રબ કોણ છે ? ત્યારે શયતાન આવે છે અને પોતાની તરફ ઈશારો કરે છે કે હું તારો રબ છું (ખુદાની પનાહ). એટલા માટે હુકમ છે કે મૈયિત જવાબમાં સાબિત્ત કદમ રહે તે માટે દુઆ કરવી જોઈએ."

ઈમામ તિરમિઝી ફરમાવે છે કે, તેવી હદીસો આ બાબતને ટેકો આપે છે કે જે જે હદીસોમાં આવ્યું છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મૈયિતને દફન કરતી વખતે દુઆ ફરમાવતા કે, "ઈલાહી ! તેને શયતાનથી બચાવો." અગર જો કબ્રમાં શયતાન નો કંઈ દખલ ન હોત તો હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે આ દુઆ શા માટે ફરમાવી ?

સહીહ હદીસોથી સાબિત છે કે, અઝાન શયતાનને દફા (દૂર) કરે છ .

હદીસ : સહીહ બુખારી અને મુસ્લિમ વિગેરેમાં હઝરત અબૂ હુરૈરા રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, "જ્યારે મુઅઝઝીન (બાંગી સાહેબ) અઝાન કહે છે ત્યારે શયતાન પીઠ ફેરવીને હવા છોડતો ભાગે છે."

હદીસ : સહીહ મુસ્લિમની હદીસમાં હઝરત જાબિર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, "જ્યારે અઝાન થાય છે ત્યારે શયતાન છત્રીસ (૩૬) માઈલ સુધી ભાગી જાય છે."

**હદીસ** : ઈમામ અબુલ કાસિમ સુલયમાન ઈબ્ને અહમદ તિબ્રાનીએ પોતાની મશહુર કિતાબ "અવસતે મઆજીમ" માં હઝરત અબૂ હુરૈરા રદિયલ્લાહો અન્હોથી સાબિત કર્યું છે કે હદીસમાં હુકમ આવ્યો છે કે, જ્યારે શયતાનનો ખટકો હોય ત્યારે જ અઝાન કહો કે, તે દફા થઈ જાય છે."

હવે જ્યારે એ સાબિત થઈ ગયું કે દફનના વખતે શયતાને લઈન દખલગીરી કરે છે અને અઝાનથી શયતાન ભાગે છે. હદીસમાં હુકમ આપવામાં આવ્યું છે કે, શયતાનને દફા કરવા માટે અઝાન કહો.

તો આ અઝાન જે કબ્ર પર આપવામાં આવે છે કે હદીસોથી જ અનુમાન કરીને કહેવામાં આવે છે. બલ્કે તે નબીના હુકમ પ્રમાણે જ છ. અને તેમ કરવાથી મુસલમાન ભાઈ (મૈયિત) ની ઉમદા મદદ થાય છે. મુસલમાન ભાઈને મદદ કરવાની ખૂબીઓ કુરઆન અને હદીસ મા અસંખ્ય છે.

**દલીલ નંબર - ૨** : ઈમામ અહમદ, તિબ્રાની અને બયહકી હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, જ્યારે હઝરત સઅદ ઈબ્ને મઆઝ રદિયલ્લાહો અન્હોને દફન કરવામાં આવ્યા અને કબરને બંધ કરી દેવામાં આવી ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઘણીવાર સુધી સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! કહેતા રહ્યા. ત્યાર બાદ હુઝૂરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહો અકબર ! અલ્લાહો અકબર ! ફરમાવતા રહયા અને સહાબાએ કિરામે પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે સાથે અલ્લાહો અકબર ! અલ્લાહો અકબર ! કહેતા રહયા. ત્યારે પછી સહાબાએ કિરામે બારગાહે રિસાલતમાં અર્ઝ કરી

કે, યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપે શરૂમાં "તસ્બીહ" (સુબ્હાનલ્લાહ) અને બાદમાં "તકબીર" (અલ્લાહો અકબર) શા માટે ફરમાવી ? ઈરશાદ થયો કે, આ નેક મર્દ (હઝરતે સઅદ પર તેમની કબર તંગ થઈ હતી. ત્યાં સુધી કે અલ્લાહ પાકે તેમનાથી તે તકલીફ દૂર ફરમાવી અને કબ્રને પહોળી ફરમાવી દીધી.

અલ્લામા તિબ્રી શરહે મિશ્કાતમાં ફરમાવે છે કે, હદીસનો મતલબ એ છે કે, હું અને તમો બધા મળીને બરાબર અલ્લાહો અકબર ! અલ્લાહો અકબર ! અને સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! કેહતા રહયા, ત્યાં સુધી કે ખુદા તઆલાએ તેઓને તે તંગીથી નજાત બખ્શી.

ઉપરોક્ત હદીસ થી સાબિત થયું કે, ખુદ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે "મૈયિત" પર આસાની માટે દફન પછી કબ્ર પર અલ્લાહો અકબર, અલ્લાહો અકબર વારંવાર ફરમાવ્યું છે અને તે શબ્દો જ અઝાનમાં છ (૬) વખત છે, માટે તે કામ ઐન સુન્નત થયું.

હિદાયામાં છે કે, તે કલેમાતમાં ઘટાડો ન કરવો જોઈએ અને જો તેમાં વધારો કરવામાં આવે તો જાઈઝ છે. કેમકે તેમાં ખુદાની તારીફ અને તેની બંદગીનું વર્ણન કરવું છે. માટે બીજા કલ્માઓ (શબ્દ) નો વધારો કરવાની મનાઈ નથી.

**હદીસ** : કબીરમાં હઝરત મા'કલ ઈબ્ને યસાર રદિયલ્લાહો અન્હોની હદીસમાં વર્ણવવામાં આવ્યું છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, "જે સ્થળે અઝાન આપવામાં આવે છે કે સ્થળને અલ્લાહ તઆલા તે દિવસ માટે અઝાબથી અમન આપે છે."

હદીસ : અબૂ યા'લા, હઝરત અબૂ હુરૈરા રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, અર્થાત આગને તકબીર થી ઠારો.

હદીસ : ઈબ્ને અદી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી અને હઝરત ઈબ્નુસ્સુન્ની અને ઈબ્ને અસાકિર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ રદિયલ્લાહો અન્હુમથી રિવાયત કરે છે કે, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, અર્થાત જ્યારે આગ જુઓ ત્યારે "અલ્લાહો અકબર - અલ્લાહો અકબર" ખૂબ જ કેહતા રહો કે તે આગને ઠારી નાંખે છે.

"વસીલતુન નજાત" માં હેરતુલ ફિકહના હવાલાથી છે કે, કબ્રસ્તાનવાળાઓ (મુર્દાઓ) પર તકબીર કહેવામાં હિકમત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, અર્થાત આગ લાગે અને તે તમારા હાથોથી ઠરે એમ ન હોય તો "તકબીર" કહો. કારણ કે તે તકબીરની બરકતથી આગ ઠરી જશે. કબ્રનો અઝાબ આગથી છે અને તમારા હાથ ત્યાં સુધી નથી પહોંચી શકતા કે તે આગને ઠારે. માટે તકબીર કહેવી જોઈએ કે જેથી દોઝખની આગથી છૂટકારો મળે.

હદીસ : અબૂ દાઉદ, ઈબ્ને હબ્બાન અને હાકિમ હઝરત ઈબ્ને સઅદસ સાએદી રદિયલ્લાહો અન્હુમથી રિવાયત કરી કે, રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, અર્થાત બે (૨) દુઆઓ રદ નથી થતી. એક અઝાનના સમયે અને બીજી જેહાદમાં કે જ્યારે કુફ્ફારથી લડાઈ ચાલુ હોય.

**હદીસ** : અબૂ યા'લા, હાકિમ, અબૂ દાઉદ વિગેરેએ હઝરત અનસ ઈબ્ને માલિક રદિયલ્લાહો અન્હોથી રિવાયત કર્યું કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, જ્યારે અઝાન આપનારો અઝાન આપે છે, ત્યારે આસમાનના દરવાજા ખોલી નાંખવામાં આવે છે અને દુઆ કબૂલ થાય છે.

**હદીસ** : ઈમામ અહમદ તિબ્રાની, અબૂ દાઉદ, નસાઈ, ઈબ્ને માજા, ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હબ્બાન વિગેરે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબૂ હુરૈરા, બરા ઈબ્ને આઝિબ, અલી ઉમામા તથા અનસ ઈબ્ને માલિક એમ કુલ પાંચ સનદોથી રિવાયત કર્યું કે, રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે,

**અર્થાત** : જયાં સુધી અઝાનની અવાજ પહોંચે છે તેટલી પહોળાઈ જેટલી મોઅઝ્ઝીન માટે મગફેરત આવે છે અને જે પણ સૂકી અને લીલી વસ્તુ સુધી અઝાનની અવાજ પહોંચે છે તે બધી વસ્તુઓ તે અઝાન દેનાર (મોઅઝ્ઝીન) માટે મગફેરત માંગે છે.

તે વાતમાં શંકા નથી કે અઝાન નેક અમલ છે. દફન પછી દુઆ માંગવી સુન્નત છે. અઝાન આપનાર મૈયિત માટે દુઆ કરે તે વધુ કબૂલ છે. જેથી કરીને મૈયિતની પણ મગફિરત થશે અને સાથે સાથે અઝાન આપનાર (મોઅઝ્ઝીન) ની પણ મગફિરત થશે. તે ઉપરોકત બંને હદીસોથી સાબિત થયું. તો એવું કરવામાં કયો ગુનોહ છે ?

અઝાન ઝિક્રે ઈલાહી પણ છે અને દરેક ઝિક્રે ઈલાહી અઝાબને રોકે છે.

**હદીસ** : ઈમામ અહમદે મઆઝ ઈબ્ને જબલથી તથા ઈબ્ને અલી દુનિયા અને બયહકીએ ઈબ્ને ઉમર રદિયલ્લાહો તઆલા અન્હુમથી

રિવાયત કરે છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈરશાદ ફરમાવે છે કે, અર્થાત અલ્લાહના ઝિક્રથી વધીને કોઈપણ ચીઝ અઝાબે ઈલાહીથી બચાવનાર નથી.

એ જાહેર હકીકત છે અને હદીસોમાં પણ આવ્યું છે કે, મુર્દાને તે તંગ અને અંધકારમય મકાન (કબ્ર) માં સખત ગભરાહટ થાય છે અને બીક લાગે છે. અઝાન આપવાથી બીક અને ગભરાહટ દૂર થાય છે અને શાંતી મળે છે.

અબૂ નઈમ અને ઈબ્ને અસાકિરે હઝરત અબૂ હુરૈરા રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી છે કે, સરવરે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, **અર્થાત** : હઝરત આદમ અલયહિસ્સલામ જન્નતથી હિન્દમાં ઉતર્યા અને તેઓને સખત ગભરાહટ થઈ તો હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામે અઝાન આપી.

તો જ્યારે આદમ અલયહિસ્સલામની ગભરાહટ દૂર કરવા માટે ખુદ હઝરત જિબ્રઈલે (અલયહિસ્સલામ) અઝાન આપી, તો અમો કબ્રમાં ગભરાહટ પામી રહેલા મુર્દાની બેચેની અને ગભરાહટ દૂર કરવા માટે કબ્ર પર અઝાન આપીએ તો તેમાં શું ખોટું છે ?

મુસ્નદુલ ફિરદૌસમાં હઝરત અમીરૂલ મોમિનીન સૈયદેના અલી મુરતદા રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે,

**અર્થાત** : એક વખત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મને ગમગીન જોયો. આપે મારાથી ઈર્શાદ ફરમાવ્યો કે, એ અલી ! હું તમને ગમગીન જોઈ રહયો છું. તમો તમારા ઘરવાળાઓમાંથી કોઈને કહો કે તમારા કાનમાં અઝાન આપે. કેમકે અઝાન ગમગીનીને દૂર કરે છે.

મૌલાના અલી કારી અલયહે રહમતુલ બારી પોતાની ખ્યાતનામ કિતાબ "શરેહ અયનુલ ઈલ્મ" માં કબ્ર પાસે કુરઆન પઢવા, તસ્બીહ પઢવા અને દુઆએ રહમત વ મગફિરત કરવાની વસિય્યત કરીને ફરમાવે છે કે,

**અર્થાત** : જેટલા પણ ઝિક્રો છે કે મૈયિતને કબ્રમાં ફાયદો પહોંચાડે છે.

**હદીસ** : કબીરમાં તિબ્રાનીએ હઝરત મઆઝ ઈબ્ને જબલ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે,

**અર્થાત** : દરેક પથ્થર અને ઝાડ પાસે અલ્લાહનો ઝિક્ર કર.

ઉપરોક્ત વર્ણનથી સાબિત થયું કે, દરેક જગ્યાએ અલ્લાહનો ઝિક્ર કરવો બહુ જ ઉમદા અને પ્રિય વાત છે. ત્યાં સુધી તેની હરગિઝ મના નથી કરી શકતા, જ્યાં સુધી તેના કરવા માટે શરીઅતમાં મના આવી ન હોય. અઝાન પણ ઝિક્રે ખુદા છે અને ઝિક્રે ખુદાથી મનાઈ કરવાનું શું કારણ છે ? હુક્મ છે કે દરેક પથ્થર અને ઝાડ પાસે ખુદાનો ઝિક્ર કરો. તો શું મુસલમાન મોમિનની કબ્રના પથ્થરો તે હુક્મથી બાદ રાખવામાં આવ્યા છે ?

કબ્ર પર અઝાન આપવાની વિરોધી ગૃપ તરફ થી સખ્ત મનાઈ કરવામાં આવે છે અને જ્યારે તેઓથી કારણ પુછવામાં આવે છે તો એમ કહે છે કે, અઝાન પછી નમાઝ થવી જોઈએ અને હવે તો મુર્દો દફન થઈ ગયો છે, હવે કઈ નમાઝ બાકી છે ?

પણ... આ લેખમાં સહીહ હદીસોના હવાલાથી સાબિત કરવામાં આવેલ છે કે, નમાઝ સિવાય પણ ઘણી જગ્યાએ અઝાન આપવામાં આવે છે અને તે અઝાન પછી નમાઝ નથી. દા.ત.

★ શયતાનનો ખટકો હોય ત્યારે અઝાન આપવી.

★ હઝરત આદમ અલયહિસ્સલામને ગમગીન જોઈને હઝરત જિબ્રઈલે અઝાન આપી.

★ હઝરત અલી રદિયલ્લાહો અન્હોને ગમગીન જોઈને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, તમારા કાનમાં અઝાન આપો.

★ ઘણી વખત જ્યારે બિમારી ફાટી નિકળે છે ત્યારે શહેરમાં ઠેર ઠેર અઝાન આપવામાં આવે છે.

★ આગ, દુષ્કાળ, ગભરાહટ અને મુસીબતના સમયે અઝાન આપવાને ઉલમાએ દીને "મુસ્તહબ" કહ્યું છે.

ઉપરોક્ત સ્થળોએ ફકત અઝાન જ થાય છે અને તે અઝાન પછી નમાઝ પઢવી જરૂરી નથી, એટલે વિરોધીઓની જાહેલાના દલીલ કે કબ્રની અઝાન પછી નમાઝ હોવી જોઈએ, તે દલીલ ઉપરોક્ત દલીલોથી તૂટી જાય છે.

અલ્હમ્દો લિલ્લાહ ! મઝહબે એહલે સુન્નત પાસે દરેક વાતોનો જવાબ છે અને દલીલના મેદાનમાં આવીને અમારે જવાબ આપવો પડે છે કે, મૈદાને મેહશરમાં જ્યારે કશફે પાક (પીંડલી) થશે અને ખુદાનો દીદાર થશે ત્યારે મુસલમાનો સજ્દામાં પડી જશે અને મુનાફિકો સજ્દો નહીં કરે. તેનું બયાન કુરઆન શરીફમાં મૌજૂદ છે.

તો કબ્રની અઝાન મૈદાને મેહશરમાં થનારા સજ્દાની અઝાન છે. માટે હઠધર્મીનો ત્યાગ કરીને સત્યનો સ્વીકાર કરવામાં વિલંબ ન થવો જોઈએ.

ખુદા દરેક મુસ્લિમ ભાઈઓને ઈમાનની દોલત સાથે નેક આમાલ કરવાની તૌફિક અતા ફરમાવે, આમીન.

# કબ્રમાં શજરો મુકવાનું બયાન

જ્યારે કબ્રમાં દુઆ વગેરેનું લખવું બરકત હાંસલ કરવા માટે અને અઝાબે કબ્રથી બચાવવા માટે અને મુન્કર નકીરના સવાલોથી સુરક્ષિત રાખવા માટે હદીસ અને ફિકહની કિતાબોથી સાબિત અને જાઈજ છે તો કબ્રમાં શજરો મુકવાની ગરજ પણ એજ હોય છે કે અલ્લાહ તઆલાના મહબૂબ અને નેક બંદાઓના નામોથી બરકત હાંસલ કરવામાં આવે અને તેમનો વસીલો પકડવામાં આવે કે, જેથી મુર્દુ અઝાબે કબ્ર અને મુન્કર નકીરના સવાલોથી સુરક્ષિત રહે, એ પણ નિશંક જાઈઝ છે.

**સવાલ** : શું બુઝુર્ગોના નામોથી બરકત મેળવવું અને તેમનો વસીલો લેવું જાઈઝ છે ?

**જવાબ** : હા, જાઈઝ છે. તે કુરઆન તથા હદીસો થી સાબિત છે.

**સવાલ** : શું મુર્દાઓને બુઝુર્ગોના નામ થી ફાયદો પહોંચે છે ?

**જવાબ** : જરૂર. બુઝુર્ગોના નામોથી અને તેમની ચીજોથી અને બીજી પવિત્ર ચીજોથી મુર્દાઓને ફાયદો પહોંચે છે.

**સવાલ** : તેનું દ્રષ્ટાંત રજૂ કરો.

**જવાબ** : (૧) હદીસની ખ્યાતનામ કિતાબ “બુખારી શરીફ” અને “મુસ્લિમ શરીફ” માં છે કે હઝરત ઉમ્મે અતિય્યહ સહાબીયા રદિયલ્લાહો અન્હા નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ના સાહબઝાદી હઝરત ઝૈનબ અથવા હઝરત કુલસુમ રદિયલ્લાહો અન્હાને ઈન્તેકાલ પછી ગુસ્લ આપી રહયા હતા ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, જ્યારે ગુસ્લ થઈ જાય તો મને ખબર આપશો. હઝરત ઉમ્મે અતિય્યહ રદિયલ્લાહો અન્હા કહે

છે કે જ્યારે મેં આપને ખબર આપી તો આપે તેહબંદ મુબારક અમારી તરફ નાંખી દીધો અને ફરમાવ્યું કે, આ તેમના બદનને અડીને કફનની નીચે મુકી દો. (બુખારી, મુસ્લિમ)

(૨) હઝરત મૌલાના શાહ અબ્દુલ હક્ક મોહદ્દિસ દહેલ્વી રહમતુલ્લાહ અલયહ "અશ્અતુલ લમ્આત" માં ઉપરોક્ત હદીસ નીચે ફરમાવે છે કે, આ હદીસ થી જણાવ્યું કે, સાલેહીનના લિબાસ અને નિશાનીઓથી બરકત લેવું કબ્રમાં પણ મુસ્તહબ છે. જેવું કે મૃત્યુ પહેલાં મુસ્તહબ હતું.

(૩) હઝરત અલ્લામા બદરૂદીન અયની હન્ફી રહમતુલ્લાહ અલયહ શારેહ બુખારી આ હદીસ વિશે ફરમાવે છે કે, સાલેહીન (નેક લોકો) ની ચીઝોથી બરકત પ્રાપ્ત કરવાની આ અસલ અને દલીલ છે.

(૪) હઝરત અલ્લામા કુસ્તલાની શારેહ બુખારી આ હદીસ વિશે ફરમાવે છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આ એટલા માટે ફરમાવ્યું હતું કે, લિબાસ મુબારકની બરકત તેમને પહોંચે.

(૫) હઝરત ઈમામ નવવી રહમતુલ્લાહ અલયહ શારેહ બુખારી આ હદીસ વિશે ફરમાવે છે કે, તહેબંદ (લુંગી) મુબારક પહેરાવવામાં આ લિબાસથી બરકત આપવાની હિકમત છે અને આ હદીસ માં સાલેહીનની નિશાનીઓ અને તેમના લિબાસથી બરકત લેવાની દલીલ છે.

(૬) મોહદ્દિસ ઈબ્ને સકને રિવાયત કરી છે કે, હઝરત ઈમામ સાબિત બન્નાની તાબેઈ રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે, મને હઝરત અનસે (રદિયલ્લાહો અન્હો) ફરમાવ્યું કે, મારી પાસે નબીએ

કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો બાલ મુબારક છે. જ્યારે હું મૃત્યુ પામું તો તેને મારી જીભ નીચે મુકી દેજો, જેથી તેમની તે વસિય્યત પુરી કરવામાં આવી અને દફન સમયે બાલ મુબારક તેમની જીભ નીચે મૂકી દેવામાં આવી.

(૭) "અખ્બારૂલ અખ્યાર" માં હઝરત મૌલાના શાહ અબ્દુલ હક્ક મોહદ્દિસ દહેલ્વી રહમતુલ્લાહ અલયહ પોતાના વાલિદ વિશે ફરમાવે છે કે, જ્યારે તેમનો ઈન્તેકાલનો સમય નજીક આવ્યો ત્યારે ફરમાવ્યું કે, કેટલાક એવા શેઅરોને કાગળ ઉપર લખો, જેમાં કસૂરની માફી અને મગફિરતનો ઉલ્લેખ હોય અને તે કાગળ મારા કફનમાં મૂકી દેજો.

(૮) કિતાબ "ઈસ્તીઆબ ફી મઅરફતિલ અસ્હાબ" માં છે કે હઝરત અમીર મુઆવિયા રદિયલ્લાહો અન્હોએ પોતાના ઈન્તેકાલ સમયે વસિય્યત ફરમાવી કે, આ ખમીશ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મને ઈનામ આપ્યું છે. તેને આજના દિવસ માટે સંતાડી રાખ્યું હતું અને બાલ મુબારક તથા નખ પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ના છે, તે પણ આજના માટે મૂકી રાખ્યા હતા. જ્યારે હું મૃત્યુ પામું તો ખમીશ તો મારા કફનની નીચે શરીરને સ્પર્શીને મૂકી દેજો અને બાલ મુબારક તથા નખને મારા મોઢા અને આંખો તથા પેશાની વિગેરે ઉપર મૂકી દેજો.

(૯) "મુસ્તદરક" માં છે કે, હઝરત અલી રદિયલ્લાહો અન્હો પાસે મુશ્ક (કસ્તુરી) હતું. આપે ફરમાવ્યું કે, મારા અવસાન પછી મને લગાડી દેવામાં આવે, કારણ કે આ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની બચેલી ખુશ્બુ છે. (મુસ્તદરક)

(૧૦) બયહકી શરીફમાં છે કે, હઝરત અનસ રદિયલ્લાહો અન્હો પાસે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની એક છડી (લાકડી) હતી. તે તેમના સીના અને ખમીસની નીચે તેમની સાથે તેમના હુકમથી દફન કરવામાં આવી.

ઉપરોક્ત તમામ હદીસોથી માલૂમ પડયું કે, સુલ્હાની પવિત્ર ચીઝોથી મુર્દાઓને ફાયદો પહોંચે છે. હું કહું છું કે, એવી જ રીતે અલ્લાહના મહબૂબ અને નેક બંદાઓના નામોથી અને તેમના વસીલાથી જીવતાઓને અને મરેલાઓને પણ ફાયદો પહોંચે છે. જેની અનેક મિસાલો ઉપર લખાઈ ચુકી છે. અને કબ્રમાં શજરો મુકવાનો મતલબ એ જ હોય છે કે આ બુઝુર્ગો દ્વારા પોતાના રબની હુઝૂરમાં બખ્શિશ અને રહેમત તથા મગફિરતને માંગનારા અને ઈચ્છુક છે.

(૧૧) "તફસીરે રૂહુલ બયાન" ભાગ-૨ માં લખ્યું છે કે, કબ્રમાં શજરો મુકવું બરકત હાંસલ કરવા માટે છે.

(૧૨) હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિસ દહેલ્વી રહમતુલ્લાહ તઆલા અલયહ રિસાલા "ફૈઝે આમ" માં લખે છે કે, કબ્રમાં શજરો મુકવું બુઝુર્ગાને દીનના મામૂલો (નિયમો) માંથી છે.

## કુંડાની નિયાઝ

દર વર્ષે મુસલમાનો રજબ મહીનાની ૨૨ તારીખે જિગર ગોશએ રસૂલ, લખ્તે જિગરે ફાતિમા બતૂલ હઝરત સૈયદ ઈમામ જાફર સાદિક (રદિયલ્લાહો તઆલા અન્હો) નાં નામે ખીર-પૂરી વગેરે પકાવી તેમની ફાતેહા અપાવે છે. આ ઘણું બરકતનું કામ છે અને અલ્લાહનાં આ બરગુઝીદા બંદા હઝરત ઈમામ જાફર સાદિક

(રદિયલ્લાહો તઆલા અન્હો) થી રૂહાની ફૈઝ મેળવવાનો ઝરીયો છે. આ ફાતેહાનું ખાણું બીજા મુસલમાન ભાઈ બહેનોને ખવડાવી તેનો સંપુર્ણ સવાબ આપની બારગાહમાં પેશ કરવામાં આવે છે. આથી આપની રૂહ મુબારક ખુશ થાય છે. સેંકડો વર્ષોથી મુસલમાનોમાં આ રિવાજ છે અને તેમની અકીદતમાં આ ફાતેહા આપવામાં આવે છે. અહીં કેટલીક વાતો સમજવાની ઝરૂર છે.

(૧) આપણે ત્યાં આ ફાતેહા ૨૨ મી રજબનાં દિવસે સવારે રાખવામાં આવે છે. તે માટે ખીર-પૂરી બનાવી કૂડાઓમાં ભરી ફાતેહા આપી ખવડાવવામાં આવે છે. આ જાઈઝ છે. તેમા કોઈ વાંધો નથી. શરૂઆત થી જ આ રીતે રિવાજ અને પ્રથા પડેલ છે. હાં, જો કોઈ ખીર-પૂરી સિવાય બીજી કોઈ મીઠી કે તીખી વસ્તુ બનાવી તેના પર આપની ફાતેહા આપવા ઈચ્છે, તો પણ આપી શકે છે. કારણકે આ ફાતેહા ખીર-પૂરી સિવાય બીજી વસ્તુઓ પર પણ આપી શકાય છે. વળી આ ફાતેહા સવારે લગભગ ૮-૧૦ વાગ્યાનાં સુમારે આપવામાં આવે છે. જોકે તે સિવાય બીજા સમયોમાં પણ આપી શકાય છે. જેમકે કેટલીક જગ્યાએ ૨૨ મી રજબે ફજરની નમાઝ પછી તરત જ ખુરમા પ્લેટમાં મુકી તેના પર ફાતેહા આપવામાં આવે છે. આ ખુરમા મુસલમાન દુકાનદારો બનાવીને તૈયાર વેચે છે.

(૨) આ ખીર-પૂરી માટીના કુંડાઓમાં ભરીને મુકવામાં આવે છે. તેમાં પણ કોઈ વાંધો નથી. બલ્કે હદીસ શરીફમાં છે. જે કોઈ ઘરના વાસણો માટીના રાખે છે ફરિશ્તાઓ તેની ઝિયારત કરે છે. માટીના કુંડા સિવાય બીજા વાસણોમાં ન્યાઝ મુકીને પણ ફાતેહા આપી શકાય છે.

(૩) આ ન્યાઝ માટે એવી માન્યતા છે કે તેને જ્યાં કુંડા મુકયા હોય, ત્યાં જ બેસીને ખવાય. બીજી જગ્યાએ ન લઈ જઈ શકાય. તે માન્યતા ખોટી છે. બીજી જગ્યાએ લઈ જવામાં પણ વાંધો નથી.

(૪) ન્યાઝથી ફારિગ થયાં પછી કુંડાઓને કુંવો વગેરેમાં ફેંકી દેવામાં આવે છે, તે હરામ છે. કારણકે તેમા માલની બરબાદી છે. વ ઈઝાઅતુલ માલે હરામુન અને માલને બરબાદ કરવો હરામ છે. આ રીતે સાજા કુંડાઓને ફેંકી દેવાની શરીઅતમાં ઈજાઝત નથી. તે કુંડાઓને ધોઈને મુકી દેવામાં આવે અને ફરી બીજી ફાતેહા વખતે અથવા બીજા ગમે તે કામમાં ફરીથી ઉપયોગ કરવામાં આવે, તો પણ વાંધો નથી. દરેક ફાતેહા માટે નવા જ કુંડા હોવા જરૂરી નથી.

(૫) આ કુંડાઓ પર ફૂલ-હાર ચઢાવવા પણ જાઈઝ નથી. કારણકે અહીયાં ફૂલ-હાર ચઢાવવા વ્યર્થ છે. ફૂલ એટલા માટે કબરો પર ચઢાવવામાં આવે છે કે તેની તસ્બીહોથી મુર્દાઓનાં અઝાબમાં કમી અથવા તેમની બખ્શિશ થઈ જાય છે. અને બુઝુર્ગોનાં મઝાર શરીફ પર ચઢાવવાથી તેમના દરજાત બુલન્દ થાય છે. અહીંયા ફૂલ મુકવા વ્યર્થ છે. (અલ્લાહુ તઆલા વ રસૂલુહુ આ'લા આ'લમુ બિસ્સવાબ)

## ગ્યારહવીં શરીફ ની ઉજવણી અને ન્યાઝનું ખાણું

ઈસ્લામી ચોથો મહીનો એટલે રબીઉલ આખર (રબીઉસ્સાની) ઘણી જ ફઝીલત ધરાવે છે. આ મુબારક મહીનામાં હઝરત ગૌસે પાકની ગ્યારહવીં શરીફની ઉજવણી ખુબ જ અકીદત, મહોબ્બત અને શાનો શૌકતથી કરવામાં આવે છે. આ મહીનાને

ગૌસપાકની ગ્યારહવીં શરીફની નિસ્બત મળવાથી હવે લોકો આ મહીનાને પીરાનપીરનો મહીનો કહીને જ સંબોધતા જોવા મળે છે.

સેંકડો વરસથી મોટા મોટા ઔલિયાઓ, બુઝુર્ગો, ઉલ્માઓ દર વર્ષે ગ્યારહવીં શરીફ ઉજવતા આવ્યા છે. આ ઉજવણીમાં ખાસ કરીને કુરાનખ્વાની, નાતખ્વાની, મીલાદ શરીફ, વાઅઝના જલ્સા નઝરો-ન્યાઝ કરવામાં આવે છે. અમીર અને ગરીબ દરેકને ન્યાઝનું ખાણું પીરસવામાં આવે છે. જે નિશંક જાયઝ છે અને ચિરાગો (દિવા) પ્રગટાવી રૌશની કરવામાં આવે છે તે પણ જાયઝ છે.

ગ્યારહવીં શરીફ હઝરત ગૌસેપાક (પીરાને પીર, વડાપીર) ના ઈસાલે સવાબનો એક તરીકો છે. જે શુધ્ધ ઈસ્લામી તરીકો છે. જેના કરવામાં ઘણો જ સવાબ અને દીન-દુનિયાના બે-હિસાબ ફાયદા છે.

શાહ અબ્દુલ હક્ક મોહદ્દિસ દહેલ્વી (રહમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે, "અમે અમારા સરદાર ઈમામે આલી મકામ આરીફ બિલ્લાહ શૈખ અબ્દુલ વહ્હાબ કાદરી અલહિર્રહમા ને હઝરત ગૌસુલ આઝમ (રદિયલ્લાહો અન્હો) ના ઉર્સનો અવસર (ગ્યારહવી શરીફ) બહુ જ કાળજી પુર્વક, અત્યંત નિયમિત ધોરણે ઉજવતા દીઠા છે એ ઉપરાન્ત મુલ્કે મુલ્કના અન્ય મશાઈખોમાં પણ એની ઉજવણી સર્વમાન્ય છે. ખ્યાત-વિખ્યાત છે."

(મુસબ્બીતહ બીલ સુન્નાહ, પેજ-૧૨૭)

શૈખ અમાન પાણીપતનું સ્થાન વલી અલ્લાહના વર્તુળોમા! અતિ ઉંચું અને આગવું છે. રબીઉસ્સાની ની દસમીની સંધ્યા ઢળી ગયા પછી એઓ વડાપીર (ગૌસેપાક) ની અગીયારમીનો અવસર નિયમિત રીતે ઉજવતા હતા. (અખ્બારૂલ અખ્યાર, પેજ-૨૪૨)

અલ્લામા ઈમામ યાફઈ કાદરીના મંતવ્ય મુજબ ગ્યારહવીં શરીફની ઉજવણી એ હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ના ઈસાલે સવાબનો એ સર્વમાન્ય તરીકો છે. ખુદ ગૌસે પાક તેમના દુનિયાવી જીવન દરમિયાન નિયમિત રીતે દર મહીનાની ગ્યારમીએ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ના ઈસાલે સવાબ મીલાદ શરીફ, ઝિકર, તિલાવત અને ન્યાઝ નો જમણવાર કરતા હતા આપનો આ તરીકો એટલો બધો મકબુલ થયો કે લોકો પણ દર મહીનાની ગ્યારમીએ તેનું આયોજન કરવા લાગ્યા સમય જતા આ તરીકો ગૌસેપાકના ખાતે ચઢી ગયો અને પુરી દુનિયામાં ગૌસેપાકની ગ્યારહવીં શરીફ પ્રચલિત અને પ્રખ્યાત થઈ ગઈ.

(ખુલાસતુલ સુફાખીરહ, પેજ-૧૧)

ઔરંગઝેબ આલમગીર (રહમતુલ્લાહ અલયહ) ના ઉસ્તાદ અને "નવ્વરુલ અનવાર" ના લેખક મુલ્લા જીવણના સુપુત્ર મુલ્લાં મોહમ્મદ એમની કિતાબ "વજીઝુસ્સિરાત" માં લખે છે કે બીજા પીરોના ઉર્સ તો વરસના વચલા દા'ડે થતા હોય છે જ્યારે ગૌસેઆઝમનો ઉર્સ દર મહીનાની અગિયાર તારીખે ઉજવાય છે. એ એમની આગવી અને અનોખી વિશિષ્ટતા છે.

(વજીઝુસ્સિરાત, પેજ-૮૩)

ગ્યારહવીં શરીફની ઉજવણી ફર્ઝ કે વાજિબ નથી. એતો મરજીયાત બાબત છે. પોતાના મહાન મોહસીન પ્રત્યે અકીદત અને મહોબ્બત પ્રગટ કરવાનો અનેરો અવસર છે. અકીદતમંદ લોકો ગ્યારહવીં શરીફ પર મીલાદ શરીફનું આયોજન કરીને, કુરઆને પાકનો ખત્મ રાખીને, ચિરાગ જલાવીને, ન્યાઝ પકાવી લોકોને ખવડાવીને ઉજવતા હોય છે જે બેશક નેક કામ છે, તેમાં કોઈ શક નથી.

ઔલિયા અલ્લાહની તાઝીમ બેશક "શઆએરિલ્લાહ" માં ગણાય છે. ગ્યારહવીં શરીફ પર દિવા પ્રગટાવવા (રૌશની કરવી) જાઈઝ છે, આમ કરવાથી વલીઅલ્લાહની શાન જાહેર થાય છે. અલ્લાહ તઆલા ફરમાવે છે. "તેહકીક અમે ઝીનત (શોભા) બખ્શી દુનિયાના આકાશને તારાઓથી" તફસીર રૂહુલ બયાનમાં છે કે અલ્લાહ પાકે પોતે આકાશને તારાઓથી મઢી લઈને શોભા અર્પી છે. આકાશ દુનિયાનું છત છે. જેથી અલ્લાહના બંદાઓ મસ્જિદોની છતોને ચિરાગો, ફાનસ, કન્દીલો લટકાવી ને શોભાયમાન કરે તો એ કારે ખૈર છે, કારે ખૈરમાં ફુઝૂલ ખર્ચી નથી (ઈસરાફ નથી).

ઔલિયા અલ્લાહ ના મઝારો પર અને ગ્યારહવીં શરીફના મૌકા પર જે ચિરાગો રોશન કરાય છે. (મહેદી રોશન થાય છે) તેને કેટલાક લોકો બિદઅતમાં ખપાવી આ કૃત્ય નાજાયઝ ગણાવી તેના પ્રત્યે લોકોના દિલમાં નફરત પૈદા કરે છે. બલકે ત્યાં સુધી કે ચિરાગ જલાવવા એ હિન્દુઓ દિવાળીમાં દીવા કરે છે તેની સાથે સરખાવે છે. માટે તેને નાજાઈઝ કહે છે અને દલીલમાં "મન તશબ્બહા બે-કવમિન ફ-હોવા મિનહુમ" રજુ કરે છે. જો કે આ દલીલ પણ અહિયાં સંપુર્ણ ટકતી નથી. જો ગ્યારહવીં શરીફ પર ચિરાગ જલાવવા હિન્દુઓના દિવા સાથે સરખાવતા હોય તો પછી.

હિન્દુઓ પણ તિર્થયાત્રાએ જાય છે અને મુસલમાનો પણ હજ્જ પઢવા જાય છે. હજ્જને તિર્થયાત્રા સાથે સામ્યતા મળે છે તો શુ મુસલમાનોએ હજ્જ કરવા જવું નહીં ? મુસલમાનો હજ્જ કરવા જાય છે અને ઘરે પાછા આવે છે તો આબે ઝમઝમ લાવે છે. હિન્દુઓ તિર્થયાત્રાએ જાય છે તો ગંગાજળ લાવે છે આ બાબત પણ સામ્ય ધરાવે છે તો શું આબે ઝમઝમ લાવવું નહીં ?

ગૌસે આઝમની ગ્યારહવીંના ચિરાગ (દિવા) ઓને હિન્દુઓની દિવાળીના દિવા સાથે સરખાવનારાઓએ હજ્જ કરવા જનારને અને આબે ઝમઝમ લાવનારને તિર્થયાત્રા અને ગંગાજળ સાથે સરખાવીને નહીં લાવવાનો ફત્વો કેમ બહાર પાડતા નથી ?

સામ્યતાના બહાના તળે ચિરાગોને બિદઅતે દલાલહ કહેનારાઓને પુછવું જોઇએ કે ખ્રિસ્તી પાદરીઓ, શીખ ધર્મ પાળનારા અને હિન્દુ ધર્મના સાધુસંતો પણ દાઢી રાખે છે અને મુસલમાનોને પણ દાઢી રાખે છે. શું અહિયાં તમને સામ્યતા દેખાતી નથી તો શું મુસલમાનો એ દાઢી નહીં રાખવી ! દુર્રે મુખ્તારમાં લખ્યું છે કે દરેક દરેક કાર્યમાં "તશબ્બોહ બિલ કુફ્ફાર" (કાફિર જેવું હુબહુ કાર્ય) નો ફત્વો લાગુ પાકી શકાય નહીં.

પરન્તુ જે કાર્ય ખોટું હોય, ખરાબ હોય, ઈરાદાપુર્વક ગૈર કૌમની નિશાનીરૂપ હોય તેને ગ્રહણ કરે તો નાજાઇઝ અને હરામ છે. દા.ત. કોઈ મુસ્લિમ સ્ત્રી ચાંદલો કરે તો તે હિન્દુ સ્ત્રીની મુસાબેહત (સામ્યતા) ગણાશે. દિવાળીના દિવસોમાં ઈરાદાપુર્વક પોતાના ઘરે દિવા કરવા, ઓટલા પર દિવા મુકવા. અગાશીમાં દિવા મુકે તો એ મુશાબેહત થઈ ગણાશે, એ કૃત્ય મકરૂહ છે, નાજાઇઝ છે, બલ્કે હરામ છે. બાકી બુઝુર્ગોની શાનો શૌકત પ્રભાવ ઉજાગર કરવા, રૌશની કરવી દિવા કરવા, નિશંક જાઇઝ છે, સારૂ કૃત્ય છે.

કેટલાક વિરોધીઓ એમ કહે છે કે આ બધુ હુઝૂર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જમાનામાં ન હતુ એટલે બિદઅત છે.

# બિદઅત નો અર્થ

અલ્લામા નવવી રહમતુલ્લાહ અલયહ શર્હે મુસ્લિમ શરીફમાં બિદઅતની શરઈ વ્યાખ્યા નોંધતા ફરમાવે છે કે "તે દરેક વસ્તુ જેનું દ્રષ્ટાંત અગાઉ ન હોય તેના પર અમલનું નામ બિદઅત છે જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જમાના હતી નહીં."

બિદઅતની વ્યાખ્યા ઉપર પ્રમાણે સ્પષ્ટ છે. હવે બિદઅતના બે પ્રકાર છે. (૧) બિદઅતે હસના (સારી બિદઅત), (૨) બિદઅતે સૈયેઅહ (ખરાબ બિદઅત).

કેટલાક કામ એવા છે જે બિદઅતે હસના છે, જે એવા કામ અને એવી વસ્તુ કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જમાનામાં હતી નહીં છતાં આજે તેને સવાબનું કામ અને નેકીનું કામ સમજીને સાથે કરવામાં આવે છે.

દા.ત. રમઝાન શરીફમાં ૨૦ રકાત તરાવીહ પઢાય છે જે હઝરત ઉમર ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હોના જમાનાથી શુરૂ થઈ છે અને જુમ્આ ની નમાઝમાં બીજી અઝાન જે અપાય છે તે હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહો અન્હોના જમાનાથી શરૂ થઈ છે અને કુરઆને શરીફમાં એરાબ (ઝેર, જબર, પેશ) લગાવવાની શરુઆત હુજ્જાજ બીન યૂસુફના વખતથી થઈ તે અગાઉ કુરઆને પાકમાં ઝેર, જબર અને પેશ હતા જ નહીં આજે દરેક સ્થળે કોઈ એવું કુરઆને પાક જોવા મળતુ જ નથી જે એરાબ વિનાનું હોય !

સારાંશ આ બધી વસ્તુઓ પણ બિદઅત તો છે જ પણ તે બિદઅતે હંસના છે. જેમ આજે આલીશાન પાકી મસ્જિદો, શાનદાર મદ્રસાની બિલ્ડીંગો, તેમા લાઈટો, પંખા, ગાલીચા વિગેરે આજે એક

નેક અને સવાબનું કામ સમજીને બનાવવામાં આવે છે. જે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જમાનામાં ક્યાં હતા ? સ્ટીમર અને પ્લેનમાં બેસીને હજ્જ કરવા જવું વિગેરે બાબત પહેલાના દૌરમાં ક્યાં હતી જો આ બધુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જમાનામાં ન હતું તો અત્યારે તેને શા માટે બિદઅતનો ફત્વો આપીને રોકી દેવામાં નથી આવતું ?

બુઝુર્ગોના ઉર્સ મનાવવા ચાદર, ફુલ, લોબાન નજરો ન્યાંઝ આ બધું પણ બિદઅતે હસના છે. ચિરાગ કરવા પણ સારી બિદઅત છે.

હઝરત ઈમામ ગઝાલી રહમતુલ્લાહ અલયહ પોતાની વિશ્વ વિખ્યાત કિતાબ "કિમીયાએ સઆદત" માં ફરમાવે છે કે, "દરેક બિદઅત એવી નથી હોતી જે છોડી દેવામાં આવે બલ્કે ઘણી બિદઅતો નેક હોય છે !"

અલ્લામા ઇબ્ને નજીમ "બહેરૂર રાઈક" માં અને અલ્લામાં ઈબ્ને આબેદીન "શામી" માં લખે છે કે જે લોકો શરીઅતની સ્પષ્ટ દલીલ વિના કોઈ કામને બિદઅતે દલાલહ, હરામ કે શિર્ક ઠેરવે છે. તે લોકો ખુદાએ પાકની ઝાતે પાક પર ખોટી તોહમત મુકે છે. તેમના માટે સખ્ત અઝાબ છે.

નિઝામ સરકારના મુફતી, અલ્લામા મુફતી સૈયદ મોહમ્મદ બાદશાહ અલ હુસૈની અલ કાદરી હૈદરાબાદીએ ગ્યારહવીં શરીફના ચિરાગ જાઈઝ હોવા બાબત ઘણો જ દલીલપુર્ણ ફત્વો આપ્યો છે જેનું સમર્થન બીજા મુફતીઓએ પણ કર્યુ છે. તે ફત્વો કિતાબ "મુઝબીહે મહેબુબે ઈલાહી" માં હિજરી ૧૩૪૩ માં છપાયો હતો.

હઝરત ખ્વાજા સુલેમાન ચિશ્તીના ખલીફા અને કામિલ વલી હઝરત હાફિઝ મોહમ્મદઅલી ચિશ્તી ખયરાબાદી સાહેબ દર વર્ષે રબીઉસ્સાની (રબીઉલ આખર) ની ૧૧મી તારીખે હુઝૂર ગૌષેપાક રદિયલ્લાહો અન્હોનો ઉર્સ શરીફ ઉજવતા હતા તે પ્રસંગે ઘણા ચિરાગ સળગાવતા હતા. કુરઆને પાકની તિલાવત કરતા હતા. મોટા પ્રમાણમાં ન્યાઝ પકાવી અમીરો-ગરીબો બધાને ખવડાવતા હતા.

હઝરત શૈખ અહમદ ખીદરિયા, હઝરત ફરીદુદ્દીન અત્તાર, હઝરત અબુ હફસ અને હઝરત શિબ્લી (રદિયલ્લાહુ અન્હુમ અજમઈન) થી પણ ચિરાગો સળગાવવાની સાબીતી મળે છે.

(ફૈઝુલ મતાલીબ, ભાગ-૨, પેજ-૨૨૦)

અલ્લાહ તઆલા દરેકને સાચી અને સારી વાત સમજવાની અને અમલ કરવાની નેક તૌફીક અતા કરે. આમીન.

## અલ ફાતેહા

બુઝુર્ગાને દીનના ઈસાલે સવાબ માટે તેમજ બીજા અન્ય સુન્ની એહલે ઈસ્લામ મર્હૂમોની બક્ષિસ તથા ઈસાલે સવાબ માટે તેની કબ્રોની સામે અથવા કંઈક પાક વસ્તુનું ખાવાનું પકાવીને તેના પર કુરઆને કરીમની આયતો પઢીને દુઆ માંગવાની જે રીત છે. તેને ટુંકમાં ફાતેહા કહેવામાં આવે છે. ફાતેહા પઢવું જાઈઝ છે અને મોટા સવાબનું કાર્ય છે. આ અમલથી મર્હૂમોને ફાયદો પહોંચે છે. મર્હૂમોની સાથે સાથે જીવતાઓને પણ તેનાથી ખુદાની રહેમતો અને બરકતો પ્રાપ્ત થાય છે. વર્તમાન સમયમાં ફાતેહા નો ઈન્કાર કરવાવાળાઓ પણ નઝર આવે છે. પણ ફાતેહા જાઈઝ હોવાની ઘણી બધી દલીલો છે. અહિયાં ટુંકમાં અમુક દલીલો રજુ કરવામાં આવી છે.

# તિલાવતે કુરઆનની સાબિતી

હઝરત અલી કર્રમલ્લાહો વજહુલ કરીમ ફરમાવે છે કે હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુ કે જે વ્યક્તિ કબ્રસ્તાન પાસેથી પસાર થયો અને તેણે ૧૧ વખત "સૂરએ ઈખ્લાસ (કુલ હોવલ્લાહ) પઢીને તેનો સવાબ મુર્દાઓને બક્ષિસ કરી દીધો તો તેને મુર્દાઓની સંખ્યા જેટલો સવાબ મળશે.

(દારે કુતની, શરહુસ સુદૂર, દુર્રે મુખ્તાર)

હઝરત અલ્લામા સનાઉલ્લાહ પાનીપતી રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે તમામ ફીકહનાં વિદ્વાનોએ હુકમ આપ્યો છે કે કુરઆન શરીફ પઢવાથી એ'તેકાફ કરવાનો સવાબ મય્યતોને પહોંચે છે. હઝરત ઈમામ અબુ હનીફા તથા ઈમામ માલિક અને ઈમામ અહમદ રિદવાનુલ્લાહે અજમઈન નો પણ આ બાબતે એકમત છે. તેમજ હાફિઝ શમ્સુદીન બીન અબ્દુલ વાહિદએ ફરમાવ્યું છે કે મુસલમાન પહેલાથી જ જમા થઈને મુર્દાઓની માટે કુરઆન ખ્વાની કરે છે. એટલે કે આ બાબતે પાયાના આલિમોનો એકમત છે.

(તઝકિરતુલ મૌતા વલ કુબૂર)

# ઈસાલે સવાબની સાબીતી

હઝરત અબુ સઈદ ખુદરી રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે કયામતના દિવસે પહાડો જેવડી નેકિઓ ઈન્સાનનાં આમાલનામાં માં વધી જશે ત્યારે એ કેહશે કે આ નેકિઓ કયાંથી આવી ? ત્યારે તેને કહેવામા આવશે કે આ તમારી ઔલાદનાં ઈસ્તિગ્ફાર (ઈસાલે સવાબ) ના કારણે છે. જે તમારી માટે તેઓએ કર્યા છે. (શરહુસ સુદૂર)

હઝરત અનસ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે મારી ઉમ્મત ઉમ્મતે મર્હૂમા છે. એ કબ્રોમાં ગુનાહોની સાથે દાખલ થશે અને જ્યારે કબ્રમાંથી નીકળશે ત્યારે તેના પર કોઈ ગુનાહ હશે જ નહીં. રબ તબારક વ તઆલા મોમીનોના ઈસ્તિગફાર નાં કારણે મર્હૂમોને ગુનાહોથી પાક અને સાફ કરી દેશે. (શરહુસ સુદૂર)

## દુઆની સાબીતી

કુરઆને પાકમાં હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ ની દુઆ છે. "અય અમારા પરવરદિગાર મને અને મારા માં-બાપને તેમજ, તમામ મોમીનોને બક્ષી દે જે દિવસે હિસાબ લેવામાં આવશે. (પારા-૧૩) હદીસે પાકમાં છે કે "દુઆ ઈબાદત છે" (અબુ દાઉદ) બીજી હદીસ શરીફમાં છે કે "દુઆ ઈબાદતનું મગ્ઝ છે"

(કન્ઝુલ આમાલ)

## ખાવાનું સામે રાખીને પઢવાની સાબીતી

હઝરત અનસ રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે તેમની અમ્મીજાન મોહતરમા ઉમ્મે સલીમ એ ખાવાનું પકાવીને જ્યારે બારગાહે રિસાલત મઆબમાં રજુ કર્યું તો તાજદારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તે પકવાનને સામે રાખવાનો હુકમ ફરમાવ્યો અને હઝરત અનસ ને લોકોને બોલાવી લાવવા માટે મોકલ્યા. એ બોલાવતા જ ગયા બોલાવતા જ ગયા તે ત્યાં સુધી કે ૩૦૦ માણસ એકઠા થઈ ગયા હઝરત અનસનું આંખે દેખ્યું બયાન છે કે "મેં જોયુ કે રહમતે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ

આપનાં હાથ મુબારક એ ખાણાં પર રાખ્યા અને જે આપે ચાહયું તે પઢયા પછી એ ખાવાનું એટલું બધુ બરકતવાળુ થઈ ગયું કે તમામ લોકોએ ભરપેટ ખાઈ લીધું ત્યારે રસૂલે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું આ જે બાકી છે તેને લઈ જાઓ ને જ્યારે ખાવાનું જોયું તો હું અંદાઝ ન કરી શક્યો કે જેટલું હું લાવ્યો હતો તે વધારે હતું કે આ વધારે છે. (બુખારી, મુસ્લિમ, મિશ્કાત)

હઝરત અબૂ હુરૈરા રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે ગઝવએ તબુક (તબુક નામનાં સ્થળે લશ્કરે ઈસ્લામનો જંગ) માં ઈસ્લામનાં લશ્કરને ભુખે ઘણું જ હેરાન કર્યું ત્યારે હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હો એ બારગાહે રિસાલતે મઆબમાં અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપ લશ્કરે ઈસ્લામ પાસે જે થોડું ઘણું ખાવાનું બચેલું છે એ મંગાવી ને દુઆએ બા-બરકત ફરમાવો. ત્યારે આપે દસ્તરખ્વાન બિછાવીને બચેલું ખાવાનું મંગાવ્યું, થોડિક ખજૂર, કોઈ રોટલીઓના ટુકડા, કોઈ થોડો ઘણો લોટ જેની પાસે જે કંઈ હતું તે લઈને આવ્યો આવી રીતે દસ્તરખ્વાન પર થોડિક વસ્તુઓ એકઠ્ઠી થઈ તો આપે દુઆએ બા-બરકત ફરમાવી પછી આપે ફરમાવ્યું પોત-પોતાના વાસણોને ભરીલો (મિશ્કાત) આ ચીઝોમાં એટલી બરકત થઈ કે ઈસ્લામનાં લશ્કરનાં દરેક સૈનિકે પોત પોતાના વાસણો ભરી લીધા અને દરેકે પેટ ભરીને ખાધુ છતાય ખાવાનું બચ્યું.

# નિયાઝ, તબર્રુક વગેરેની સાબીતી

અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિસ દહેલ્વી રહમતુલ્લાહે અલયહ ફરમાવે છે કે નેક ઈન્સાનોની કબ્રોની ઝિયારત અને તેઓની કબ્રોથી બરકત હાસિલ કરવી તેમજ ઈસાલે સવાબ, તીલાવતે કુરઆન દુઆએ ખૈર, ખાવાનું વહેંચવું, આ બધા સારામાં સારા નેક કાર્યો છે. આ બાબતે દીનનાં ઓલમાએ કિરામની સર્વ સંમતી છે. (ફતાવા અઝીઝી)

હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિસે દહેલ્વી ફરમાવે છે કે દૂધ ચાવલ (દૂધપાક) કોઈપણ બુઝુર્ગનાં ફાતેહા માટે તેની રૂહને સવાબ પહોંચાડવાની નિય્યતથી પકાવવું કે ખાવામાં કંઈ જ વાંધો નથી, જાઈઝ છે અને કદાચ કોઈ બુઝુર્ગનો ફાતેહા કરવામાં આવે તો માલદારોને પણ ખાવું જાઈઝ છે. (ઝબ્તુલ નાસાએહ)

શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિસે દહેલ્વી ફરમાવે છે કે એ ખાણું જે ઈમામ હુસૈનની નિયાઝની માટે પકાવવામાં આવે અને તેના પર કુલ, વ ફાતેહા, દુરૂદ પઢવામાં આવે એ બરકતવાળો થઈ જાય છે અને એ ખાણું બહું જ સારૂ છે. (ફતાવા અઝીઝી)

## ખાસ જાણવા જેવી બાબત

અલ્હમ્દો શરીફ નમાઝમાં પઢવું ફર્ઝ છે. આ સુરત પણ છે અને "દુઆ" પણ છે. આ સૂરતનું નામ પણ સૂરએ ફાતિહા છે. માટે ફાતેહાનો ઈન્કાર કરવાવાળા પણ નમાઝમાં સૂરએ ફાતેહાના રૂપમાં "ફાતેહા" પઢે છે.

હદીસે પાકમાં છે કે, "બંદો જયારે ખાવાથી પહેલા "બિસ્મિલ્લાહ" પઢે છે તો શૈતાન એ ખાણામાં ભાગીદાર થયો નથી માટે જાણવા મળ્યું કે જે ખાણા પર "બિસ્મિલ્લાહ" પઢવામાં આવે તો શૈતાન તેનાથી દૂર ભાગે છે." હવે બિસ્મિલ્લાહ શું છે ?

કુદરતનો એ કાનુન છે કે પાક અને હલાલ ચીજોને હરામ સમજવાળા એવા ગુમરાહ થાય છે કે હરામ ચીજોને પોતાના માટે હલાલ સમજવા લાગે છે અને કરી દીયે છે જેવું કે નઝરો ન્યાઝને શિર્ક, બિદઅત અને હરામ કહેવા વાળાઓએ જ પોતાની માટે કાગડાને ખાવું હલાલ કરી દીધું છે જે ચારે મઝહબોમાં હરામ છે. આવા લોકોની માટે તો કુરઆન શરીફનો આ કોલ કાફી છે. "પાક ચીઝો પાક લોકોની માટે છે અને નાપાક ચીઝો નાપાક લોકોની માટે છે."

આ પણ ગજબનો તફાવત છે કે નઝરો-નિયાઝ ને સિર્ફ, હરામ અને બિદઅત કહેવાવાળા પોતે જ જો ખાવાનું મળે તો કદાપી જતું કરતાં નથી.

માનવાવાળો તો જાઈઝ સમજીને જ ખાઈ છે. તેની બરકત સમજીને જ ખાઈ છે. અને નહીં માનવાવાળા "હરામ" કહેતા જાય છે. અને ખાતા જાય છે. એટલે કે એ લોકો એ ચીજ ખાઈ છે જે તેની નઝરમાં હરામ છે.

એક લતીફો છે કે એક દેવબન્દીએ એક સુન્નીને કહ્યું કે તમે લોકો પોતાના મર્હુમોની માટે ત્રીજું, દસમું, ચાલીસમું વગેરે કરો છો રોઝ નવું-નવું ખાવાનું પકાવીને ફાતેહા દેવડાવો છો તો આ બધુ જ ખાવાનું તેના સુધી પહોંચે છે. અને જેટલુ ખાતા હશે તેનો એ લોકો

મર્હૂમો તેને ખુબ જ ખાઈ છે અને કુદરતી હાજત દ્વારા નિકાલ પણ કરતા હશે જેથી કરીને તેની કબ્રો ગંદકીથી ઉભરાઈ ગઈ હશે. સુન્નીએ કહ્યું આપની વાત સાચી છે પણ તમે તમારા મર્હૂમોની માટે કંઈ પકાવતા જ નથી એટલે તેની પાસે ખાવાનું પહોંચતું જ નથી એટલે એ (તમારા મર્હૂમો) ભુખ્યા-પ્યાસા એટલા બધા તળપે છે કે અમારા મર્હૂમોની કબ્રોમાં આવીને બધી જ ગંદકી ખાઈને પોતાનું પેટ ભરી લીએ છે માટે ફાયદો એ થાય છે કે અમારા મર્હૂમોની કબ્રો પાક-સાફ રહે છે.

હકીકત તો એ છે કે ખાવાનું નથી પહોંચતું પણ તેનો સવાબ પહોંચે છે. જેના કારણે ખુદાની રહેમતો નાઝીલ થાય છે. ગુનાહો માફ કરી દેવામાં આવે છે. અઝાબમાં ઘટાડો થાય છે અને દરજ્જાઓ બુલંદ કરવામાં આવે છે માટે ફાતેહાનો રિવાજ અપનાવવો જોઈએ અને તેનો પ્રચાર કરવો જોઈએ.

## ફાતિહાની રીત

વુઝૂની સાથે કાબા શરીફ તરફ મોં રાખીને પાક જગ્યાએ અથવા મુસલ્લા પર બેસવું સામે પાક અને હલાલ ચીજ રાખે (જેના પર ફાતેહા પઢવો છે તે) એવું કંઈ પણ ચીઝ ન હોય તો એક ગ્લાસ પાણી પણ કાફી છે. કાચી, ડુંગળી, લસણ જેવી ગંધવાળી અથવા સડેલી બદબુવાળી વસ્તુ પર ફાતેહા ન દેવડાવે. અગરબત્તી, લોબાન જેવી ખુશબુદાર વસ્તુની વ્યવસ્થા કરે, અવ્વલ-આખિર દુરૂદ શરીફ પઢે, પછી ચારે કુલ, અલ્હમ્દો, અલિફ લામ મીમ પછી આયતુલ કુર્સી અને બીજી આયતો જે અહીં આપવામાં આવી છે એ પઢે.

અઊઝો બિલ્લાહે મિનશ્શયતા નિર્રજીમ ૦

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦

કુલ યા અય્યોહલ કાફિરૂના લા અઅ્બુદો મા તઅ્બોદૂન ૦ વલા અન્તુમ આબેદૂના મા અઅ્બુદ ૦ વલા અના આબેદુમ મા અબદ્તુમ ૦ વલા અન્તુમ આબેદૂના મા અઅ્બુદ ૦ લકુમ દીનોકુમ વલિ-યદીન ૦

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦

કુલ હોવલ્લાહો અહદ ૦ અલ્લાહુસ સમદ ૦ લમ યલિદ વલમ યૂલદ, વ લમ યકુલ લહૂ કુફો-વન અહદ ૦ (ત્રણ વખત પઢે)

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦

કુલ અ-ઊઝો બે રબ્બિલ ફ-લ-કે મિન શર્રે મા ખલક ૦ વ મિન શર્રે ગાસેકિન ઇઝા વકબ ૦ વ મિન શર્રિન્નફ્ફાસાતે ફિલ ઉકદે વ મિન શર્રે હાસેદિન ઇઝા હસદ ૦

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦

કુલ અઊઝો બે રબ્બિન્નાસે મલેકિન્નાસે ઇલાહિન નાસ ૦ મિન શર્રિલ વસ્વાસિલ ખન્નાસ ૦ અલ્લઝી યુવસવેસો ફી સુદૂરિન્નાસ ૦ મિનલ જિન્નતે વન્નાસ.

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦

અલ-હમ્દો લિલ્લાહે રબ્બિલ આ-લમીન ૦ અર્રહમા નિર્રહીમે માલિકે યવમિદ દીન ૦ ઇય્યાકા નઅ્બુદો વ ઇય્યાકા નસ્તઈન ૦ ઇહદિનસ સેરાતલ મુસ્તકીમ ૦ સિરાતલ લઝીના અન્અમ-ત અલયહિમ ગયરિલ મગદુબે અલયહિમ વલદ દાલ્લીન ૦ (આમીન)

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦

અલિફ લામ મીમ ૦ ઝાલિકલ કિતાબો લા રય-બ ફીહ ૦ હોદલ્લિલ મુત્તકીન ૦ અલ્લઝી-ન યુઅ્મેનૂ-ન બિલ ગૈબે વ યુકીમુનસ્સલા-ત વ મિમ્મા રઝકનાહુમ યુન્ફેકૂ-ન વલ્લઝી-ન યુઅ્મેનૂ-ન બિમા ઉન્ઝિ-લ ઇલય-ક વમા ઉન્ઝિ-લ મિન કબ્લિ-ક વ બિલ આખિરતિ હુમ યૂકેનૂ-ન ૦ ઉલાઇ-ક અલા હુદમ મિર રબ્બિહિમ વ ઉલાઇ-ક હુમુલ મુફ્લેહૂન ૦ વ ઇલાહુકુમ ઇલાહુંવ વાહિદ ૦ લા ઇલા-હ ઇલ્લા હુવર રહમાનુર રહીમ ૦ અલ્લાહુ લા ઇલા-હ ઇલ્લા હુવલ હય્યુલ કય્યૂમ ૦ લા તઅ્ખુઝૂહુ સીનતંવ વલા નવમ ૦ લહુ માફિસ્સમાવાતે વમા ફિલ અર્દે મન્ઝલ્લઝી યશ્ફઓ ઇન્દહુ ઇલ્લા બે-ઇઝનેહી યઅ્લમો મા બય-ન અયદીહિમ વમા ખલ્ફહુમ વલા યુહીતૂ-ન બે-શયઇમ મિન ઇલ્મેહી ઇલ્લા બેમા શા-અ વશીઅ કુર સિય્યુહુસ સમાવાતે વલ અર્દ ૦ વલા યઊદુહૂ હિફ્ઝુહુમા વહોવલ અલિય્યુલ અઝીમ ૦

આમનર રસૂલો બેમા ઉન્ઝે-લ ઇલય-હે મિર રબ્બેહી વલ મુઅ્મેનૂન ૦ કુલ્લુન આમ-ન બિલ્લાહે વ મલાએ-કતેહી વ કુતુબેહી વ રુસુલિહ ૦ લા નુફર્રેકો બય-ન અહદિમ મિર રુસુલેહ ૦ વ કાલૂ સમેઅ-ના વ અતઅ્ના ગુફરાન-ક રબ્બના વ ઇલયકલ મસીર ૦

લા યુકલ્લે ફુલ્લાહો નફ્સન્ ઇલ્લા વુસ્અહા લહા મા કસબત વ અલયહા મક-ત-સબત રબ્બના લા તુઆખિઝના ઇન્નસીના અવ અખ્તઅ્-ના રબ્બના વલા તહ-મિલ અલયના ઇસ્રન્ કમા

હમલ્તહુ અલલ્લઝી-ન મિન કબ્લેના રબ્બના વલા તોહમ્મિલના માલા તા-કતલના બેહી વઅ-ફો અન્ના વગ્ફિર લના વરહમ્ના અન્ત મવ-લાના ફન્સુરના અલલ કવમિલ કાફેરીન ૦

શહેદલ્લાહો અન્નહુ લા ઇલા-હ ઇલ્લા હુ-વ વલ મલાએ-કતો વ ઉલૂલ ઇલ્મે કાએમમ બિલ કિસ્તે લા ઇલા-હ ઇલ્લા હુવલ અઝીઝુલ હકીમ ૦ ઇન્નદ દી-ન ઇન્દલ્લાહિલ ઇસ્લામ ૦ ઇન્ના રહ-મતલ્લાહે કરીબુમ મિનલ મોહસેનીન વમા અર્સલ્ના-ક ઇલ્લા રહ-મતલ લિલ આ-લમીન ૦ લકદ જા-અકુમ રસૂલુમ મિન અન્ફોસેકુમ અઝીઝુન અલયહે મા અનિત્તુમ હરીસુન અલયકુમ બિલ મુઅ્મેની-ન રઊફુર રહીમ ૦ ફઇન તવલ્લવ ફકુલ હસ્બેયલ્લાહો લા ઇલા-હ ઇલ્લા હુ-વ અલયહે તવક્કલતો વહુ-વ રબ્બુલ અરશિલ અઝીમ દઅ્વા-હુમ ફીહા સુબ્હા-ન કલ્લાહુમ્મા વ તહીય્ય-તહુમ ફીહા સલામ ૦ વ આખેરો દઅ્વાહુમ અનિલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આ-લમીન ૦ મા કા-ન મોહમ્મદુન અબા અહદિમ મિર રેજાલેકુમ વલા કિર રસૂલિલ્લાહે વ ખા-તમન નબિય્યીન વ કાનલ્લાહો બેકુલ્લે શયઇન અલીમા ૦ ઇન્નલ્લા-હ વ મલાએકતહુ યોસલ્લૂ-ન અલન્નબિય્યે યા અય્યોહલ લઝી-ન આમનૂ સલ્લૂ અલયહે વ સલ્લેમૂ તસ્લીમા ૦

અલ્લાહુમ્મ સલ્લે અલા સૈયેદેના મોહમ્મદિન સલાતન તોનજ્જીના બેહા મિન જમીઇલ અહવાલે વલ આફાત વ તકદીલના જમી-અ બેહલ હાજાતે વતોતહ હેરોના બેહા મિન જમીઇસ સય્યેઆતે વતર ફઓના બેહા ઇન્દ-ક અઅ્લદ દરજાતે વ તો

બલ્લેગૂના બેહા અકસલ ગાયાતે મિન જમીઇલ ખૈરાતે ફિલ હયાતે વ બઅ્દલ મમાત ૦ ઇન્ન-ક મુજીબુ દઅ્વાતે ઇન્ન-ક અલા કુલ્લે શયઇન કદીર ૦

વસલ્લલ્લાહો તઆલા અલા ખયરે ખલ્કેહી વ નૂરે અર્શેહી સૈયેદેના વ નબિય્યેના વ શફીએના વ હબીબેના વ મૌલાના મોહમ્મદિંવ વ અલા આલેહિ વ અસ્હાબેહી અજમઈન ૦ ઇલાહી ઇલા-હના ઈર્હમ્ના વ અકરિમ્ના મ-અહુમ બે રહ-મતે-ક યા અર-હમર રાહેમીન ૦

## અલ ફાતેહા

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦

ઇલા હઝરતીન નબિય્યે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ૦ વ ઇલા અરવાહે આલેહિ વ અવલાદેહી વ અસ્હાબેહી વ અઝવાજેહી વ ઝુર્રિય્યાતેહી વ અહલે બૈતેહી ખુસૂસન ઇલા અરવાહે હઝરતે અબી બકરેનિસ સિદ્દીકે વ હઝરતે ઉમર વ હઝરતે ઉસ્મા-ન વ હઝરતે અલી રદિયલ્લાહો અન્હુમ અજમઈન વ ઇલા અરવાહે હઝરતે ઈમામ હસન વ હઝરત ઇમામ હુસૈને વ ઇલા અરવાહે હઝરતે ખદીજતિલ કુબરા વ આએશતે સિદ્દીકતે વ ફાતેમતિઝ ઝહરાએ વ જમીએ એહલે બૈતે રસૂલિલ્લાહે વ જમીએ શહીદાને દશ્તે કર્બલા વ ઇલા રૂહે હઝરતે ગૌસિસ સકલૈને સૈયદ અબ્દુલ કાદિર જીલાની કુદ્દ સલ્લાહો સિર્રહુલ અઝીઝ ૦ વ ઇલા અરવાહે હઝરતે ઇમામે અઅ્ઝમ વ ઇમામે શાફેઇ વ ઇમામે માલિક વ

ઇમામે અહમદ હમ્બલી વ ઇલા અરવાહે જમીએ અમ્બિયાએ વ જમીએ અવલિયાએ વ જમીએ શોહદાએ વ જમીએ સાલેહી-ન વ જમીઈલ મુઅ્મેની-ન વલ મુઅ્મેનાતે વલ મુસ્લેમી-ન વલ મુસ્લેમાતે વ કુલ્લે કાફ્ફાતિન અહલે ઇસ્લામ ૦

સુબ્હા-ન રબ્બે-ક રબ્બિલ ઇઝ્ઝતે અમ્મા યસેફૂ-ન ૦ વ સલામુન અલલ મુરસલી-ન વલ હમ્દો લિલ્લાહે રબ્બિલ અ-લમીન ૦ આમીન.

## કબ્રસ્તાને પઢવાનો ફાતેહા

અવ્વલ વ આખિર ત્રણ ત્રણ વખત દુરૂદ શરીફ પઢવું.

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦**

અસ્સાલામો અલયકુમ યા અહલલ કુબૂરે મિનલ મુસ્લેમી-ન વલ મુસ્લેમાતે વ મુઅ્મેની-ન વલ મુઅ્મેનાતે અજ્મઇ-નત તૈયબલ્લાહો સરાહુમ વ મસવાહુમ વ નૂરલ્લાહો મરાકેદુહુમ વ જઅલલ જન્નત માવાહુમ વ મસ કનહુમ વઝન્ઝેલહુમ શયઅન લિલ્લાહે લહુમ ૦

સૂરએ કાફેરૂન એક વખત, સૂરએ ઇખ્લાસ ત્રણ વખત, સૂરએ ફલક એક વખત, સૂરએ નાસ એક વખત, સૂરએ ફાતેહા એક વખત અને પછી અલિફ લામ મીમ થી મુફલેહૂન સુધી એક વખત પઢવું.

## પછી આ દુરૂદ શરીફ પઢે

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિંવ વ અલા આલે મોહમ્મદિંવ વ બારિક વ સલ્લિમ ૦ અલ્લાહુમ્મ લા તહરિમ-ન અજર-હુમ વલા તફતિન્ના બઅ્દુહુમ વગ્ફિલના વ લહુમ વર્હમ્હુમ રહમતંવ વાસેઅતન ઇલાહી બે-ફદલે રહમતે-ક યા અરહમર રાહેમીન ૦

## પછી હાથ ઉઠાવીને આ પ્રમાણે દુઆ માંગો,

અય અલ્લાહ ! જે કંઈ મેં પઢયું છે કદાચ તેમાં કોઈપણ જાતની ભુલ કે ક્ષતિ રહી ગઈ હોય તો તું પોતાની રહેમતો કરમથી તેને માફ ફરમાવીને તેનો સવાબ અને જે કંઈ મેં હાઝિર કર્યું છે તેનો સવાબ હુઝૂર રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની રૂહે મુબારકને પહોંચે અને તેના જ વસીલાથી હુઝૂરની આલ અને ઓલાદ, એહલે બૈત, અઝવાજે મુતહહેરાત, સહાબાએ કિરામ, તાબેઈન, તબે તાબેઈન, શોહદાએ કિરામ, અવલિયાએ ઈઝઝામ અને તમામ મોમીનીન વ મોમીનાત ની અરવાહોને પહોંચાડીને ફલાં બીન ફલાં (ફલાંની જગ્યાએ પોતાના જે તે મર્હૂમોનું નામ લેવું) ની અરવાહને પહોંચે અને એ ખુદા તારી બખ્શિશ અને ઈનાયતથી તેની મગફેરત ફરમાવી દે. તેના ગુનાહોને માફ કરી દે અને મને પણ તારે રહેમતો કરમથી નવાઝી દે. આમીન.

# દુરૂદે રૂહી

આ દુરૂદ શરીફ કબ્રસ્તાન માં પઢવાથી મુર્દાઓને અઝાબથી છુટકારો મળે છે. મર્હૂમ મા-બાપની નજાત કરાવવાથી જાણે ઉમ્રભરનો હક્ક અદા થાય છે.

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ૦

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિમ મા દામતિસ્સાલાતો વ સલ્લે અલા મોહમ્મદિમ માદામતિર રહમતો વ સલ્લે અલા મોહમ્મદિમ માદામતિલ બરકાતો વ સલ્લે અલા રૂહે મોહમ્મદિન ફિલ અરવાહે વ સલ્લે અલા સૂરતે મોહમ્મદિન ફિસ સૂરે વ સલ્લે અલા ઇસ્મે મોહમ્મદિન ફિલ અસ્માએ વ સલ્લે અલા નફસે મોહમ્મદિન ફિન્નુફુસે વ સલ્લે અલા કલ્બે મોહમ્મદિન ફિલ કુલૂબે વ સલ્લે અલા કબ્રે મોહમ્મદિન ફિલ કુબૂરે વ સલ્લે અલા રવઝતે મોહમ્મદિન ફિર રિયાઝે વ સલ્લે અલા જસદે મોહમ્મદિન ફિલ અજસાદે વ સલ્લે અલા તુરબતે મોહમ્મદિન ફિત તુરાબે વ સલ્લે અલા ખૈરે ખલ્કેહી સૈયદેના મોહમ્મદિંવ વ અલા આલેહી વ અસ્હાબેહી વ અઝવાજેહી વ ઝૂર્રૈય્યાતેહી વ એહલે બયતેહી વ અહબાબેહી અજમઈન બેરહ્મતેકા યા અરહમર રાહેમીન.**

# દુરૂદ શરીફ

**અલ્લાહુમ્મા સલ્લે અલા સય્યેદેના મોહમ્મદિંવ વ અલા આલે સય્યેદેના મુહમ્મદિંવ વ બારિક વ સલ્લિમ.**

યા અલ્લાહ ! તૂ સારે જહાન કા માલિક હૈ, તૂહી હમારી દર્દભરી આવાઝકો સુનનેવાલા હૈ. તૂહી હમારા રેહબર હૈ, હમ તુઝસે હી મદદ માંગતે હૈં. અપની રહેમતકે દરવાઝે ખોલ દે, હમારે દિલોંકો અપને નૂરસે ભરદે. હિદાયત કી રાહોં કો આસાની સે ખોલ દે.

અય પરવરદિગાર ! હમ તેરી રહેમત વ ખુશ્નુદી કે તલબગાર હૈં. હમેં દોનોં જહાન કી (દુનિયા ઔર આખિરત કી) ભલાઈ અતા ફરમા.

અય ખુદા ! હમ બેહદ ગુનહગાર હૈં, ખતાકાર હૈં, સિયાકાર હૈં, કસુરવાર હૈં, બદકાર હૈં, મુજરીમ હૈં, ફિરભી તેરે પ્યારે મેહબૂબે પાક (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) કે ઉમ્મતી ઔર તેરે હી બંદે હૈં. તુઝસે તેરી દાઈમી ખુશ્નુદી ઔર રઝામંદી કે સાથ હર કિસ્મકી આસાની ઔર સહુલત પૈદા ફરમા. તકવા ઔર પરહેઝગારી નસીબ ફરમા. સિરાતે મુસ્તકીમ પર ચલનેકી નેક તૌફીક અતા ફરમા.

અય રબ્બુલ આલમીન ! ઝિક્ર કરનેવાલી ઝબાન ઔર શુક્ર કરનેવાલા દીલ અતા ફરમા. નફેવાલા ઈલ્મ, બરકતવાલી રોઝી ઔર બેહતરીન તંદુરસ્તી અતા ફરમા. દિલકો સુકૂન ઔર ઈત્મિનાન અતા ફરમા.

અય ખુદા ! શબે મે'રાજ, શબે બરા'ત ઔર શબે કદ્ર (લયલતુલ કદ્ર) કી ફઝીલત નસીબ ફરમા. રમઝાન મહીને મેં રોઝે રખનેકી તાકાત અતા ફરમા. કુરબાની ઔર ઝકાત દેનેકી હેસીયત અતા ફરમા. રમઝાનુલ મુબારક કી તમામ ને'મતોં ઔર બરકાત વ નવાઝાત સે

માલામાત ફરમા. ઈદોંકી બેહતરીન ખુશિયાં હમારી ઝોલીમેં ભરદે. પંજગાના નમાઝી બનાદે. હમારી ઝબાન પર કલ્મએ તૈયબ હંમેશા જારી રખ. હમેં હાજી બનને કે કાબિલ બના દે.

અય અલ્લાહ ! હમારી ઝિંદગીભરકી ઈબાદત નમાઝ, રોઝે, કુરબાની, ઝકાત, ખૈરાત, ઈમદાદ, ફિતરા વગેરે કુબૂલ ફરમા. જો ગુન્હા જાન બુઝકર યા અન્જાને મેં હુએ હૈં ઉન્હેં મુઆફ ફરમા. દુનિયા ઔર આખિરત કી હશ્રકી રૂસ્વાઈયોં સે બચા.

અય પરવરદિગાર ! હમ નમાઝ પઢતે હૈં તો હમેં હમારા કારોબાર-ઘરવાલે ઔર બાલ-બચ્ચોં કે ખયાલાત આતે હૈં, ઐસે ખયાલોં સે મહેફૂઝ રખ. હમેં નબી ઔર વલિયોં જૈસી નમાઝ પઢને કી નેક તૌફિક અતા ફરમા. રૂહાની ગૈબી મદદ ફરમા. જાન-માલ, ઈઝ્ઝત ઔર ઈમાન કી ને'મતે નાઝિલ ફરમા. ઈબાદતમેં પરહેઝગાર બના.

અય રહમ ફરમાનેવાલા મૌલા ! ઝિંદગીમેં આખરી સાંસ તેરે દરપે ગુઝરે, રહી ઝિનદગી કિસીકી મોહતાજી બગૈર ગુઝરે. ચૈન-સુકૂન કે સાથ તેરી ઈબાદત મે ગુઝરે ઐસી તેરી રઝા-વ-ખુશ્નુદીવાલી ઝિન્દગી અતા ફરમા. આસાન મૌત નસીબ ફરમા. દજ્જાલ કે ફિતને સે, મૌત કી સખ્તી સે, કબ્ર કી તંગી સે ઔર જહન્નમ કી આગસે હમારી હિફાઝત ફરમા.

અય અલ્લાહ ! બે નમાઝીયોં કો નમાઝ કે પાબંદ બનાદે. બે-રોજગારોં કો રોઝી અતા ફરમા. બે-ઔલાદકો નેક ઔલાદ અતા ફરમા. ઈસ્લામ કા બોલબાલા ફરમા. દીનકા નામ બુલંદ ફરમા. કુફ્ર-શિર્ક કા ખાત્મા ફરમા. માલી, જિસ્માની ઔર બુઢાપે કી કમજોરી સે મખ્લૂક કા મોહતાજ ના બના.

યા ઈલાહી ! હમારે મર્હૂમ વાલિદ-વાલિદા, ભાઈ-બહેન કરીબ કે રિશ્તેદાર ઔર દોસ્ત બિરાદર જો તેરી રહેમતમેં આ ચુકે હૈં, ઉન સબકી મગફિરત ફરમા. ઉનકી કબ્રોં કો નૂરકી રૌશની સે ભરદે. કબ્રોં કી સખ્તી ઔર અઝાબ સે બચા. ઉનકો મુન્કર નકીર કે હિસાબ-કિતાબ સે મેહફૂઝ રખ. પુલસિરાત કા રાસ્તા આસાન ફરમા. દોઝખકી આગ સે બચા. જન્નતુલ ફિરદૌશ મેં બુલંદ દરજાત ઔર આલા મકામ અતા ફરમા.

અય ખુદા ! હમે માં-બાપ કે હક્ક કી અદાયગી અતા કરનેકી તૌફીક અતા ફરમા. ઉનકી ખુશ-મિજાઝી નસીબ ફરમા. ઉનકે ફરમા બરદાર બનાદે. ઉનકી ખિદમત કરનેકી, ઉનકે સાથ અખ્લાક વ અદબસે બરતનેકી તૌફીક અતા ફરમા.

અય અલ્લાહ ! હમારી ઔલાદ કો ફરમાબરદાર બના દે. હમારી ઔલાદ કો પંજગાના નમાઝી બનાદે. ઉનકો નેક સાલેહ બનાદે. ઈમાન, દીન ઔર પરહેઝગારી કે પાબંદ બનાદે. હમારી ઔલાદ કો હમારે લિએ આખિરતકા ઝરીયા ઔર સદક-એ-જારીયા બનાદે.

અય પરવરદિગાર ! હમારી ઔલાદ કે સાથ હમ કાયમ મહોબ્બતસે રહે ઔર હમારે બાલ બચ્ચે ભી હમારે સાથ પ્યાર મહોબ્બત સે રહે ઐસા ચૈન-સુકૂનવાલા માહોલ કાયમ અતા ફરમા.

અય અલ્લાહ ! તૂ હમારે દુખી દિલોંકા સહારા હૈ, હમારે દુખ-દર્દ દૂર કર.

યા ઈલાહી ! તેરે સિવા કોઈ મા'બૂદ નહીં ઔર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેરે ખાસ બંદે ઔર રસૂલ હૈં, ઉનકી સચ્ચી મોહબ્બત અતા ફરમા, ઉનકે નકશે-કદમ ઔર તમામ સુન્નતોં પર ચલનેકી નેક તૌફીક અતા ફરમા.

અય અલ્લાહ ! હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કે વસીલે સે હમારી ઈસ્લાહ ફરમા. સબ વલીયોં કે તુફૈલ મેં હમેં દોનોં જહાન કી ઈઝ્ઝત અતા ફરમા. કયામત તક આનેવાલી નસ્લોં કો દીન કે હામી બના. ઉનકી શફાઅત નસીબ ફરમા. આફિયત કે સાથ તરબીયત ઔર સલામતી અતા ફરમા. ઈલ્મે દીનકી દૌલત સે સરફરાઝ ફરમા.

અય પરવરદિગાર ! કયામત કે દિન હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કે હાથ સે જામે કૌષર પીના નસીબ ફરમા ઔર આપકી શફાઅત ઔર આપકા પળોસ જન્નતુલ ફિરદૌશ મેં અતા ફરમા. અર્શકા સાયા નસીબ ફરમા.

અય અલ્લાહ ! આકાએ નામદાર હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કો નારાઝ કરનેવાલે અમલ સે હિફાઝત ફરમા. આપ પર ભેજે ગએ દુરૂદ શરીફ ઔર સલાતો સલામ કુબૂલ ફરમા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કા દીદાર બારબાર નસીબ ફરમા.

અય ઈલાહી ! વો કામ જિસસે તેરી રહમત જોશમેં આતી હૈ ઐસે અમલ કરનેકી તૌફીક અતા ફરમા, ઔર જિસસે તેરા ગઝબ ઔર અઝાબ નાઝિલ હોતા હૈ વો કામ કરનેસે બચનેકી તૌફીક અતા ફરમા.

અય ખુદા ! સબકો હજ્જે બયતુલ્લાહ નસીબ ફરમા. હમારે હજ્જ ઉમરાહ ઝિયારત કો કુબૂલ ફરમા. હર અમલકો આસાન ફરમા, શૈતાન ઔર નફસ સે હમ સબકી હિફાઝત ફરમા.

અય અલ્લાહ ! હમારી ઈન દુઆઓં કો અપને ફઝલો કરમસે, હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કે સદકે વસીલે સે ઔર અમ્બિયા, ઔલિયા, નેક સાલેહ બન્દોં ઔર શોહદાઓ કે તુફૈલ મેં કુબૂલ ફરમા. આમીન...

# મુનાજાત

યા ઈલાહી હર જગહ તેરી અતા કા સાથ હો
જબ પળે પુશ્કિલ શહે મુશ્કિલ કુશા કા સાથ હો
યા ઈલાહી ભૂલ જાઉં નઝ્અ કી તકલીફ કો
શાદીએ દીદારે હુસ્ને મુસ્તફા કા સાથ હો
યા ઈલાહી જબ પળે મહશર મેં શોરે દારોગીર
અમ્ન દેને વાલે પ્યારે પેશવા કા સાથ હો
યા ઈલાહી જબ ઝબાનેં બાહર આએં પ્યાસ સે
સાહિબે કૌસર શહે જૂદો અતા કા સાથ હો
યા ઈલાહી સર્દ મેહરી પર હો જબ ખુરશીદે હશ્ર
સય્યિદે બે-સાયા કે ઝિલ્લે લિવા કા સાથ હો
યા ઈલાહી ગરમીએ મહશર સે જબ ભળકેં બદન
દામને મહબૂબ કી ઠંડી હવા કા સાથ હો
યા ઈલાહી નામએ આમાલ જબ ખુલને લગેં
ઐબ પોશે ખલ્ક, સત્તારે ખતા કા સાથ હો
યા ઈલાહી જબ ચલૂં તારીક રાહે પુલસિરાત
આફતાબે હાશમી નૂરૂલ હુદા કા સાથ હો
યા ઈલાહી જબ સરે શમશીર પર ચલના પળે
રબ્બે સલ્લિમ કેહને વાલે ગમઝુદા કા સાથ હો
યા ઈલાહી જો દુઆએ નેક હમ તુઝસે કરેં
કુદસીયોં કે લબ સે આમીં રબ્બના કા સાથ હો
યા ઈલાહી જબ "રઝા" ખ્વાબે ગિરાં સે સર ઉઠાએં
દૌલતે બેદારે ઈશ્કે મુસ્તફા કા સાથ હો

# મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ

શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ

મુઝસે બેકસ કી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બેબસ કી કુવ્વત પે લાખોં સલામ

હમ ગરીબોં કે આકા પે બેહદ દુરૂદ
હમ ફકીરોં કી સરવત પે લાખોં સલામ

જિસકે જલવે સે મુરઝાઈ કલિયાં ખિલીં
ઉસ ગુલે પાક મમ્બત પે લાખોં સલામ

વસ્ફ જિસ્કા હૈ આઈનએ હક્કનુમા
ઉસ ખુદા સાઝ તલઅત પે લાખોં સલામ

જિસકે આગે સરે સરવરા ખમ રહેં
ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ

દૂરો નઝદીક કી સુનને વાલે વો કાન
કાને લાલે કરામત પે લાખોં સલામ

ગૌસે આઝમ ઈમામુત્તુકા વન્નુકા
જલવએ શાને કુદરત પે લાખોં સલામ

મુઝસે ખિદમત કે કુદસી કહેં હાં "રઝા"
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ

-: Printed By :-
KHATIB KITAB GHAR & PRINTERS
Khas Bazar, Three Gate, Ahmedabad. Phone : 079-2535 2468

# હમ્દ વ મુનાજાત

અઝ

પીર સૈયદ દાદામિયાં કાદરી "મુહિબ" રૂપાલવાલા

કરતે હૈં સબ તેરી સના અલ્લાહુ અલ્લાહ
હો લબપે હમારી સદા અલ્લાહ અલ્લાહ
હમારે લિએ યે સબ આલમ બનાએ
હૈ અહેસાન તેરા બળા અલ્લાહ અલ્લાહ
હિદાયત કો હમારી અતા કર દિયે હૈં
કુર્આન ઔર રસૂલે ખુદા અલ્લાહ અલ્લાહ
કરે રાત દિન ઔર આઠો પહર હમ
યહાં ઝિક્ર તેરા વહાં અલ્લાહ અલ્લાહ
ગુનેહગાર હમ હૈં ઔર ગફ્ફાર તુ હૈ
તુ નારે સકર સે બચા અલ્લાહ અલ્લાહ
તુ વાહિદ હૈ લેકિન હર જગહ તેરે જલ્વે
હૈ તેરે સિવા સબકો ફના અલ્લાહ અલ્લાહ
રઝાએ ઇલાહી પર રાઝી રહે જો
હમેં ઐસા બંદા બના અલ્લાહ અલ્લાહ
મોહમ્મદ કે સદકે હશ્રમેં લાજ રખના
હૈ હમારી યહી ઇલ્તેજા અલ્લાહ અલ્લાહ
હો વક્તે કઝા લબપે જારી હો કલ્મા
હૈ આસી "મુહિબ" કી દુઆ અલ્લાહ અલ્લાહ

# અપીલ

વ્હાલા વાંચક મિત્રો..........અસ્સલામો અલયકુમ

અલ્લાહ તઆલા ના ફઝલો કરમથી તેના પ્યારા મહેબૂબ હુઝૂર આકા વ મૌલા અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વસીલા થી સરદારે ઔલિયા હઝરત ગૌસુલ આઝમ રદિયલ્લાહો અન્હો ની નઝરે કરમથી બુઝુર્ગોની દુઆથી "બઝમે કાદરીયાહ કડી" તેનું નવું પ્રકાશન "કબરોની ઝિયારત અને ફાતેહાની સાબીતી" આપની સમક્ષ રજૂ કરતા ગૌરવ અનુભવે છે.

અમારા તમામ પ્રકાશનો ને આપે ઉમળકા ભેર આવકાર આપ્યો છે અને દરેક વખતે આપે અમારી મદદ ફરમાવી છે તે બદલ આપના આભારી છીએ. આ પ્રકાશન નં. ૯ પણ આપને જરૂર ગમશે ઇન્શાઅલ્લાહ આ તબ્લીગી સેવા નું કાર્ય સતત કાર્યવંત રહે અને લોકોના હાથોમાં આવો ઇલ્મનો અનમોલ ખજાનો તદ્દન ફ્રી (મફત) માં પહોંચતો રહે તે માટે આ "બઝમે કાદરીયાહ-કડી" ને ઉદાર દિલથી મદદ ફરમાવી સવાબે જારીયાહ ની દૌલત હાંસિલ કરશોજી. વસ્સલામ...

લિ. બઝમે કાદરીયાહ-કડી.